




અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૪-૦૨-૨૦૨૫ મંગળવાર


# અવધ ટાઇમ્સ


AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,








તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૧ મહા સુદ ૬ વર્ષ : ૩૦ અંક ૧૪૩


## જિલ્લાની ચાર નગરપાલિકાઓમાં ઉમેદવારીપત્ર ચકાસણીની કામગીરી પુર્ણ થઇ

# જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૧૫ ફોર્મ રદ

### ઉમેદવારીપત્રો ચકાસવાના દિવસે રાજુલા નગરપાલિકાની ચૂંટણીમાં સાત ઉમેદવારીપત્રો, જાફરાબાદ અને લાઠી નગરપાલિકામાં ૧-૧ ઉમેદવારીપત્ર રદ

અમરેલી,

અમરેલી જિલ્લાની ચાર નગરપાલિકાઓમાં આજે ઉમેદવારીપત્ર ચકાસણીની કામગીરી પુર્ણ થઈ હતી અને આ ચકાસણી દરમિયાન જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૧૫ ફોર્મ રદ થયા હતા. તા.૩ ના ઉમેદવારીપત્રો ચકાસવાના દિવસે રાજુલા નગરપાલિકાની ચૂંટણીમાં સાત ઉમેદવારીપત્રો રદ થયા હતા તથા જાફરાબાદ અને લાઠી નગરપાલિકામાં ૧-૧ ઉમેદવારીપત્ર રદ થયા હતા અને

### અમરેલી, સાવરકુંડલા અને દામનગર પાલિકાની પેટાચૂંટણીમાં અમરેલીમાં ૨, સાવરકુંડલામાં ૨ અને બાબરા, ધારી તાલુકા પંચાયતમાં ૧-૧ ઉમેદવારીપત્રો રદ

અમરેલી, સાવરકુંડલા અને દામનગર પાલિકાની પેટાચૂંટણીમાં અમરેલીમાં ૨, સાવરકુંડલામાં ૨ અને બાબરા, ધારી તાલુકા પંચાયતમાં ૧-૧ ઉમેદવારીપત્રો રદ થયા હતા. હવે ચાર નગરપાલિકાઓની સામાન્ય ચુંટણીમાં કુલ ૧૦૪ બેઠકો માટે ૨૫૨ ઉમેદવારો મેદાનમાં રહયા છે. જયારે પેટાચુંટણીઓમાં કુલ ૧૪ ઉમેદવારો મેદાનમાં છે.હવે તા.૪ ના ઉમેદવારીપત્ર ખેંચવાની અંતિમ તારીખ હોય જયારે ચુંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે.

### બગસરાના મોટા મુંજીયાસર ગામના વતની એડવોકેટ શ્રી હેતલ બી.ચૌહાણને ભારત સરકાર દ્વારા નોટરી એનાયત

#### સમસ્ત ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજનું ગૌરવ વધાર્યુ



અમરેલી,

મુળ બગસરાના મોટા મુંજીયાસર ગામના વતની હેતલ ભગવાનભાઈ ચૌહાણ એડવોકેટને ભારત સરકાર દ્વારા નોટરી અંગેનું લાયસન્સ પ્રાપ્ત કરતા ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ ગૌરવની લાગણી અનુભવે છે.

શ્રી હેતલ ભગવાનભાઈ ચૌહાણ સને. ૨૦૧૨ થી વકીલાતનો ઉમદા વ્યવસાય શહેર અમદાવાદમાં સીટી સિવીલ કોર્ટ ભદ્ર, અમદાવાદ જિલ્લા અદાલત ફેમીલી કોર્ટ અમદાવાદ તથા ગુજરાતની જીલ્લા અદાલતોમાં કરી

(અનુ.પાના નં.૫)





શ્યામ TVS
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ, અમરેલી. Mo. 89589 89789




**વેચાણ થી આપવાનું છે**

સાવરકુંડલામાં મહુવા રોડ પર આવેલ નિલકંઠ શોપીંગ સેન્ટરમાં આવેલ બેંક ઓફ ઇન્ડીયાવાળી પ્રોપર્ટી અંદાજે ૧૬૦૦ ફુટ બેંકને આપેલ રેન્ટ સાથે વેચાણથી આપવાની છે

સંપર્ક : મો.૯૮૨૪૦ ૭૭૩૩૩

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
સતત 5th Times
C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮




**જોઇએ છે**

સિવીલ એન્જિનીયર.............. ૦૨
રોડવર્ક તથા બ્રીજવર્કનો બે વર્ષનો બહોળો અનુભવ
સાઇટ સુપરવાઇઝર.............. ૦૨
(આકર્ષક પગાર)

વિમલ કન્સ્ટ્રક્શન
૧૨-ખોડીયાર માર્કેટ ધારી, તા.ધારી, જી.અમરેલી
મો.૯૯૦૪૦ ૨૨૩૦૩


**ત્રીજી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી**



સ્વ.દરબારશ્રી હરેશભાઇ
દાદાભાઇ વાળા
સ્વ.તા.૪-૨-૨૦૨૨ શુક્રવાર
પ્રમુખશ્રી : જામકા સેવા સ.મં.

સમય જિંદગીનો ઓછો હશે... ક્યાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે એ...ક્યાં ખબર હતી, કોઈ સુચના વગર સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા. ભગવાન સુર્યનારાયણ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.ૐ શાંતિ..ૐ શાંતિ..ૐ શાંતિ..

લી. જશુભાઇ દાદાભાઇ વાળા (અ.જી.મ.સ.બેંક)
મનુભાઇ દાદાભાઇ વાળા - વિજયભાઇ હરેશભાઇ વાળા
રાજદિપભાઇ હરેશભાઇ વાળા - ગૌતમભાઇ જશુભાઇ વાળા
જહાન્વીબેન જશુભાઇ વાળા - શક્તિરાજભાઇ મનુભાઇ વાળા
છત્રરાજભાઇ મનુભાઇ વાળા - દેવ્યાંશીબેન વિજયભાઇ વાળા
મુ.જામકા, તા.બગસરા, જિ.અમરેલી


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૭૩,૫૦૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૩-૦૨-૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

**જગ્યા વેચાણથી આપવાની છે**

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના બાબરા ગામે જીવનપરા ખાતે ૪૮૯ ચો.વાર (૫૪x૮૧ ફુટ) પ્લોટ તેની ચર્તુ:સિમા ઉતરે ૧૬ ફુટ, દક્ષિણે ૭ ફુટ તથા પુર્વ અને પશ્ચિમે ૮ ફુટના રસ્તાઓ છે. ચાર રસ્તા ચાર કાટખુણાવાળો પ્લોટ જે રહેણાંક મકાન, મોલ, સુપરમાર્કેટ, સ્કૂલ/કોલેજ, ધાર્મિક સંસ્થા અને ધાર્મિક સંસ્થાન માટે અનુકુળ એવો પ્લોટ વેચાણથી આપવાનો છે.

સંપર્ક : પ્રવિણભાઇ થોરીયા મો.૯૩૨૩૯ ૯૫૯૩૯







અમરેલી શહેરમાં ઉપલબ્ધ :
એ. એ. એન્ટરપ્રાઇઝ 98251 76111 ; મેહુલ ટ્રેડર્સ 94272 18519

### વલ્લભકુળ શિરોમણી પૂ.પા.ગો.તિ.૧૦૮ શ્રી રાકેશકુમારજી મહારાજની આજ્ઞા અને આશિર્વાદ તથા યુવરાજ ૧૦૫ શ્રી વિશાલકુમારજી બાવાશ્રીની પ્રેરણાથી

# શ્રી આડતીયા પરીવારમાં શ્રીનાથજી ધ્વજાજીની પધરામણી

## પુષ્ટીમાર્ગીય અમરેલીમાં શ્રીનાથજીની પધરામણીના રૂડા અવસરે ઉત્સવ જેવો માહોલ : શ્રી ભાવેશભાઇ અને શ્રી વિમલભાઇ આડતીયા પરિવારમાં આનંદ

## અમરેલીમાં શ્રીનાથજી ધ્વજાજીનાં સારથીનું સન્માન કરતા શ્રી ભરતભાઇ ચૌહાણ અને શ્રી દિલીપભાઇ પરીખ : અમરેલીનાં વૈષ્ણવોમાં દિવાળી જેવો માહોલ





અમરેલી,

અમરેલીમાં શ્રી આડતીયા પરીવાર દ્વારા શ્રીનાથજી ધ્વજાજી મંગલ પધરામણીનું આયોજન ઉમંગ અને ઉત્સાહભેર સંપન્ન થયુ હતુ. જેમાં વૈષ્ણવો ઉમટી પડયા હતા.

વલ્લભકુળ શીરોમણી પુજય ૧૦૮ શ્રી રાકેશકુમારજી મહારાજની આજ્ઞા અને આશીર્વાદથી તથા વલ્લભકુળ યુવરાજ ૧૦૫ શ્રી વિશાલકુમારજી બાવાશ્રીની પ્રેરણા અને આશીર્વાદથી સોમવારે ધ્વજાજીનું પધરામણી માટે ભવ્ય સામૈયુ કરવામાં આવ્યુ હતુ અને શ્રૃગાર દર્શન, શ્રીજી સત્સંગ સહિતનાં વિવિધ કાર્યક્રમો શ્રી ભાવેશકુમાર લક્ષ્મીદાસ આડતીયા અને વિમલકુમાર લક્ષ્મીદાસ આડતીયા પરીવાર દ્વારા યોજાયા હતા જેમાં અમરેલીનાં પરમ વૈષ્ણવો, વિવિધ વેપારી આગેવાનો, લોહાણા સમાજના શ્રેષ્ઠીઓ સહિતે દર્શનનો લ્હાવો લીધો હતો.

અમરેલીમાં શ્રીનાથજીની ધ્વજાજીની પધરામણી માટે તેમના સારથી બનેલા મુખ્યાજીનું પુષ્ટીમાર્ગીય અમરેલીને ધ્વજાજીથી પાવન કરવા બદલ અવધ ટાઈમ્સના તંત્રી શ્રી ભરતભાઈ ચૌહાણ અને અમરેલીની વિવિધ સેવાકીય સંસ્થાઓના સારથી તથા પરમ વૈષ્ણવ શ્રી દિલીપભાઈ પરીખ દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ.

### દર વર્ષની જેમ આ વર્ષે પણ

## રાજુલાની શાળા નં.૪માં ગણપતિ યજ્ઞ યોજાયો

### દર્શન, મહાપ્રસાદ સહિત કાર્યક્રમો યોજાયાં



રાજુલા, (કનુભાઈ વરૂ) રાજુલા શહેરમાં શાળા નંબર ૪, પાસે રિદ્ધિ સિદ્ધિ ગજાનન ગણપતિ બાપાનો યજ્ઞ દર વર્ષની જેમ આ વર્ષે પણ યોજાયો હતો તેમાં બોળી સંખ્યામાં આજુબાજુ વિસ્તારના લોકોએ ધર્મ પ્રેમીજનો દર્શનનો લાભ લીધો હતો તેમ જ મહાપ્રસાદ પણ આયોજન કરવામાં આવ્યું હતું ભક્તિ ભાવને ભોજન ત્રિવેણી સંગમ જોવા મળ્યું હતું આ યજ્ઞમાં નવપ્રણિત વાઘેલા પરિવારના યજ્ઞના પુંજા નો લાભ લીધો હતો ગણપતિ બાપા મોરિયા તેવા નાદ સાથે બહેનો દીકરીઓ બાળકો સર્વે એ ભક્તિમાં લીન થયા હતા બાપાને ઢાળ ધરી પ્રસાદનો પ્રારંભ કર્યો હતો જય ગજાનંદ ગણપતિ સર્વનું કલ્યાણ કરો

## બગસરાનાં પીઠડીયા ગામે શ્રી કાંતિ વાળાનો અભિવાદન સમારોહ યોજાયો

### દલિત સમાજના આગેવાનો દ્વારા સન્માન કરાયું



ખારી, (અશોક મણવર) બગસરા તાલુકાના પીઠડીયા ગામે દલિત સમાજના આગેવાનો દ્વારા એક અભિવાદન સમારંભનું આયોજન કરવામાં આવ્યુ જેમાં કાંતિભાઈ વાળાનું બગસરા કુંકાવાવ વડીયા વિસ્તાર યુવાને આર્થિક સહયોગ આપી પીઠડીયા ગામે કાંતિભાઈ વાળાને હારતોરા કરી સન્માનિત કરવામાં આવ્યા આ તકે પી.એલ.મારુ, મનસુખભાઈ રાઠોડ, શાંતિલાલ પરમાર કાંતિભાઈ વાળા, પ્રવીણભાઈ પરમાર નાનજીભાઈ લુઘીયા એડવોકેટ નરેન્દ્રભાઈ કાટીયા દિનેશભાઈ ખીમસુરીયા ગૌતમભાઈ દાફડા દેવજીભાઈ ચૌહાણ ભરતભાઈ કાતરીયા અરવિંદભાઈ ચૌહાણ સહિત બહોળી સંખ્યામાં દલિત સમાજના આગેવાનો લોકો ઉપસ્થિત રહ્યા કાર્યક્રમનું સંચાલન ધીરુભાઈ ખીટોલીયા તમામ દલિત સમાજના આગેવાનોનું પણ સન્માન કરાયુ હતુ.

### પરજીયા સોની સમાજ માટે તન, મન, ધનથી સેવા કરનાર સબળ આગેવાનની મોટી ખોટ

# મુંબઇ ઉપનગર પરજીયા પટ્ટણી સોની વાડીનાં પ્રમુખ શ્રી વિજયભાઇ સતિકુંવરનું નિધન : ઘેરો શોક

## દેશ વિદેશનાં સમસ્ત પરજીયા સોની સમાજ અને પટ્ટણી બ્રધરહુડ નાઇરોબી, મલાડ મહાજન ગૃપ, મુંબઇ સોની સમાજ સંગઠન સહિતે શોક વ્યક્ત કર્યો



અમરેલી,

મુંબઈ ઉપનગર પરજીયા સોની સહકારી સોસાયટી (મુંબઈ સોની સમાજ) ના પ્રમુખ શ્રી વિજયભાઈ હંસરાજ સતીકુંવર નું રવિવાર તા. ૨/૨/૨૦૨૫ ના દુઃખદ અવસાન થતા દેશ વિદેશમાં વસતા પરજીયા સોની સમાજ અને તેમના વિવિધ સંગઠનોમાં ઘેરા શોકની લાગણી છવાઈ છે અને સમસ્ત પરજીયા સોની સમાજે એક વિરલ વ્યક્તિત્વ અને સૌની પડખે ઉભા રહેતા સરળ આગેવાનને ગુમાવ્યા છે.

સમગ્ર વિશ્વ સ્તરે પરજીયા સોની સમાજ ના સંગઠન માં તેમનો અમૂલ્ય ફાળો હતો અને માત્ર મુંબઈ સમાંજ નહિ પરંતુ વિશ્વ ની દરેક સંસ્થા સાથે તેમના અતૂટ સભર સબંધો હતા અને સર્વે ને તેમના સરળ, મિલનસાર સ્વભાવ અને સમાજ પ્રત્યે ની ભાવના ની ખોટ પડશે.તેમ પટ્ટણી બ્રધરહુડ ના કારોબારી સભ્ય, મુંબઈ સમાજ ના દાતા અને પટ્ટણી વર્લ્ડ ના એડમીનશ્રી હિરેન વાયા પટ્ટણી વર્લ્ડ એડમીન નૈરોબીએ જણાવયું છે.

મુંબઈ ઉપનગર પરજીયા પટ્ટણી સોની વાડી ' ના પ્રમુખ શ્રી સતિકુંવરના દુઃખદ નિધનનાં સમાચારથી દુઃખ તથા શોક ની લાગણી અનુભવાય છે. વિજયભાઈએ તન મન ધન થી સમાજ માટે જે કાર્યો કર્યા છે તે સમગ્ર વિશ્વમાં પટ્ટણી સમાજ માટે ઉદાહરણ રૂપ છે તેઓ વિશ્વભરમાં ફેલાયેલી સંસ્થાઓ સાથે મૈત્રી પૂર્ણ વ્યવહાર અને સૂઝબુઝ થી એક પુલ રૂપ બન્યા હતાં. બોરીવલી ની સંસ્થા માટેના તેમના અથાગ પ્રયત્નોથી આપણે સહુ વાકેફ છીએ એમની ખોટ પરિવારને, મુંબઈ સમાજને જ નહી પણ વિશ્વ ની દરેક પટ્ટણી સંસ્થા ને પડી છે. નૈરોબી પટ્ટણી બ્રધરહૂડ આ દુઃખના સમયમાં હૃદય થી સહભાગી છે. તેમ જણાવી ટ્રસ્ટી ગણ, ચેરલેડી મધુ જેરામ તથા કમિટીના દરેક સભ્યો, પટ્ટણી બ્રધરહુડે શોક વ્યક્ત કર્યો હતો.

પ્રમુખશ્રી વિજયભાઈ સતીકુંવર ના દુઃખદ અવસાન ના કારણે સમસ્ત મુંબઈ પરજીયા સોની સમાજ ઘેરા શોક ની લાગણી માં અસ્વસ્થ અને દિશાશૂન્ય થઈ ગયો છે. સ્વ. વિજયભાઈ સતિકુવર જેઓ ઘણા સમય થી મુંબઈ સોનીવાડી માં ટ્રસ્ટી મંડળ માં સેવા આપી રહ્યા હતા અને કારોબારી સમિતી માં ઘણા સમય થી પ્રમુખ રહીને નિસ્વાર્થ ભાવે સેવા આપી ને તેમજ પારદર્શી વહીવટ કરી ને સમાજ પ્રત્યે નું ઋણ અદા કર્યું છે. મહાજન સેવા ટ્રસ્ટ માં પણ સેવા આપી ને સમાજ ને પ્રગતિ ના પંથે લઈ જવાના સંનિષ્ઠ પ્રયાસો કરેલા છે.

આવા સમાજલક્ષી અને સંસ્થાકીય અને અત્યંત મહત્વપૂર્ણ જવાબદારીઓ વાળા પદ ઉપર રહીને સમગ્ર કાર્યકાળ દરમિયાન કોઈ વાદ વિવાદ કે કોઈ ફરિયાદ નહીં, તમામ જ્ઞાતિજનો ના સાથ સહકાર સાથે લઈ ને તેમજ જ્ઞાતિ માં બનતા દરેક શુભ અશુભ પ્રસંગે હાજરી આપી ને સાચા સમાજસેવક ની ભૂમિકા નિભાવી છે. સમાજ સેવા નો ભેખ ધારણ કર્યો એટલે સેવા કરવી એવા નિર્ણય સાથે કર્મઠ વ્યક્તિ ની વસમી વિદાય થી સમાજ આઘાત ની લાગણી અનુભવે છે.

## સુરત સેન્ટ્રલ બસ સ્ટેશનની બાજુમાં સિટી બસ ટર્મિનલનું વાહનવ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ

## પોરબંદરના કુખ્યાત મેરામણ ઉર્ફે લંગી ખૂંટીની હત્યા

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૮/૨૫...............તા.૩૧-૦૧-૨૦૨૫**

વિવાદી :- શ્રી લાભુભાઈ પ્રાગજીભાઈ શેલીયા રહે.ઘુઘરાળા, તા.બાબરા
વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી ઘુઘરાળા ગ્રામ પંચાયત
વિવાદીના વકીલશ્રી : જે.આર.ગોઠડીયા

**જાહેર નોટીસ**

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે ઘુઘરાળા ગામના રહીશ આ કામના અરજદારશ્રી લાભુભાઈ પ્રાગજીભાઈ શેલીયાનો જન્મ તા.૦૨-૦૪-૧૯૭૭ ના રોજ મોજે ઘુઘરાળા, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૦-૦૧-૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮-૦૨-૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો — **તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૬/૨૫...............તા.૩૧-૦૧-૨૦૨૫**

વિવાદી :- શ્રી વિઠલભાઈ નાગજીભાઈ ખુંટ રહે.ઉંટવડ, તા.બાબરા
વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી ઉંટવડ ગ્રામ પંચાયત
વિવાદીના વકીલશ્રી : ડી.કે.રાદડીયા

**જાહેર નોટીસ**

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે ઉંટવડ ગામના રહીશ આ કામના અરજદારશ્રીના બહેન શ્રી સવિતાબેન નાગજીભાઈ ખુંટનો જન્મ તા.૦૧-૦૧-૧૯૬૮ ના રોજ મોજે ઉંટવડ, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦-૦૧-૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮-૦૨-૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો — **તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ કરતા તથા ટાઈટલ કલીયર સર્ટીફીકેટ આપતા પહેલાની**

**જાહેર નોટીસ**

આથી લગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, અમરેલી ડીસ્ટ્રીકટ, અમરેલી શહેર સબ-ડીસ્ટ્રીકટના મોજે અમરેલી માં આવેલ રેવન્યુ સર્વે નંબર ૬૨૦/૧બ પૈકી ૧, જેનું ક્ષેત્રફળ હે. આરે. ૧-૦૬-૩૪ ચો.મી., જેનો ખાતા નં. ૧૯૩૮૯ વાળી જુની શરતની ખેતીલાયક ઉપયોગ વાળી જમીન તેના માલીકો દયાબેન ધીરૂભાઈ પાઘડાળ તથા સેજલબેન વિઠ્ઠલભાઈ બાબરીયા પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે જેથી સદરહું જુની શરતની ખેતીલાયક ઉપયોગ વાળી જમીનની માલીકી, ટાઈટલ, કબજા પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, વારસાઈ હકક કે ભરણપોષણનો કે કોઈપણ પ્રકારના હકક કે લેણુ-લેખુ, કરજ, ગીરો, બોજો, જામીનગીરી, સાટાખત કે મુખત્યારનામુ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિવસ- ૭ માં લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા, જો નોટીસમાં દર્શાવેલ મુદત વિત્યે કોઈપણ વ્યકિત, સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સા વિગેરે તથા કોઈપણ પ્રકારના વાંધા તકરાર નહી આવે તો કોઈને આ મીલકત પરત્વે કોઈ વાંધા, તકરાર નથી અને હશે તો જતા(વેઈવ) કરેલ છે તેમ માની સદરહુ મીલકતનું ટાઈટલ કલીયર સર્ટીફિકેટ આપવામાં આવશે અને અમારા અસીલ સદરહું મિલકત ખરીદવા માટે આગળની કાર્યવાહી કરશે અને મિલકતના માલીક પાસેથી કાયદેસરની અવેજની રકમ ચૂકવી અમારા અસીલ સદર ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરાર, લાગ-ભાગ, હકક-હિત, હિસ્સો કે લેણુ હશે તો તે અમારા અસીલ કે મીલકત ખરીદનાર છે તેમને બંધનકર્તા રહેશે નહી જેની જાહેર જનતા તથા લગાતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

**વિજયભાઈ અજમેરા- એડવોકેટ, મો નં. ૯૮૭૯૫ ૨૩૯૦૦**
**ઓફીસઃ- ૧૨, સુરભી કોમ્પલેક્ષ, મહુવા રોડ, સાવરકુંડલા- ૩૬૪૫૧૫**

સદરહું નોટીસ અમારી સુચના મુજબ તૈયાર કરેલ છે અને જાહેર પ્રસિધ્ધી થાય તે બાબતે અમોએ સંમતી આપેલ છે.

દયાબેન ધીરૂભાઈ પાઘડાળ
સેજલબેન વિઠ્ઠલભાઈ બાબરીયા


॥ ૐ નમો નારાયણ ॥ ॥ શ્રી ઉમિયા માતાયે નમઃ ॥ ॥ જય ગોવર્ધન નાથજી ॥
94281 90118
UF (નાના આંકડીયા વાળા)
**ઉમિયા ફેશન**
લેટેસ્ટ ન્યુ કલેકશનમાં લગ્ન સિઝન વેરાઈટી
ફોર્મલવેરના સ્પેશીયાલીસ્ટ
પાર્ટીવેર, સ્લીમ તેમજ ફેન્સી શર્ટ, જીન્સ, કાર્ગો તેમજ કોટન પેન્ટની વિશાળ રેન્જ
સાઈઝ M to 5XL અને 28 થી 50 કમર
FIXED RATE
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી - 365601

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

**શ્રી હરિ મોબાઈલ**
એસી, કુલર, વોશીંગ મશીન, મોબાઈલ ઉપર સરળ હપ્તે, ૦% વ્યાજે દરેક ફાઈનાન્સમાં લોન કરી આપીશું.
સ્થળ : રાજકમલ ચોક, પોસ્ટ ઓફીસ સામે, ખેતાણી મોટર્સની બાજુમાં, અમરેલી
મો.૯૦૩૩૯ ૯૬૭૯૬, ૯૬૨૪૪ ૯૬૭૯૬

**ઓજસ કલાસીસ - અમરેલી**
દિપક ભટ્ટ : મો.૯૮૭૯૭ ૬૯૪૫૧
કોન્સ્ટેબલનાં વર્ગો
- માસિક ફી ૧૦૦૦/-
- આખો દિવસ ભણવાની છુટ
- ૨૦૦૦ પુસ્તકોની લાયબ્રેરી
- ૧૦૬૮ વિદ્યાર્થીઓ પાસ થયેલ છે

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઈટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**મકાન વેચવાનું છે.**
લાઠી રોડ ઉપર બે માળનું સંપૂર્ણ સુવિધાજનક...
'પુષ્કરધામ' બ્લોક નં.૨ ભક્તિનગર સોસાયટી, એસ.ટી.ડીવીઝન સામે, લાઠી રોડ, અમરેલી
- ફર્સ્ટ ફલોર 2BHK
- સેકન્ડ ફલોર 2BHK
- ફળિયુ • પાણીનો દાર
- સોલાર સિસ્ટમથી સજ્જ
દલાલ ભાઈઓએ તસ્દી લેવી.
Call-93749 24343

**ખેતીની જમીન વેચવાની છે**
રાજુલાની બાજુમાં ભેરાઇ ગામમાં ૪ વિઘા જમીન કસમાં વેચવાની છે
સંપર્ક : સાંઇ સદ્‌ગુરૂ એસ્ટેટ બ્રોકર
પ્રભુદાસ તલાટી : મો.૯૪૨૮૭ ૦૯૯૯૩
એસ.ટી.ડેપો સામે, અમરેલી

**મોકાની દુકાન વેચવાની છે**
વ્યાજબી ભાવથી અતિ મોકાની દુકાન સારથી કોમ્પલેક્ષ - ૨, ગ્રાઉન્ડ ફલોર, ડો.સાવલીયા સાહેબની હોસ્પિટલ સામે, લીલીયા રોડ, અમરેલી
: સંપર્ક :
મો.૯૯૭૮૯ ૯૭૨૯૮, ૯૦૯૯૯ ૬૦૦૦૫

### અમરેલીનાં ભાજપ આગેવાન અને હાલ રાજકોટ રહેતા

# અમરેલીનાં બિલ્ડર શ્રી અશોક ભીમજીયાણીનાં રાજકોટમાં ખબર પુછતા શ્રી પરશોતમ રૂપાલા

**અમરેલી જિલ્લા ભાજપમાં સંનિષ્ઠ આગેવાન તરીકે રહી સેવા આપનાર શ્રી અશોક ભીમજીયાણીની તબીયતના ખબર અંતર પુછી પોતાપણાની લાગણી વ્યક્ત કરી**



અમરેલી,અમરેલીમાં વર્ષો સુધી ભાજપની સેવા સાથે હાલ રાજકોટ સ્થાયી થયેલા અમરેલીના જાણીતા બિલ્ડર અને આગેવાન અને મિત્ર શ્રી અશોક ભીમજીયાણીની તબીયતના સમાચાર મળતા પુર્વ કેન્દ્રીય કેબીનેટ મંત્રી અને સાંસદશ્રી પરશોતમભાઈ રૂપાલાએ રાજકોટ તેમના નિવાસ સ્થાને જઈ ખબર અંતર પુછયા હતા અને તબીયતની પૃછા કરી હતી.

### તાલુકા પંચાયતોની પેટાચુંટણીમાં આદિવાસી ઉમેદવારોનો દુષ્કાળ

# બાબરા તાલુકા પંચાયતની કરીયાણા બેઠકમાં ભરાયેલ એકમાત્ર ઉમેદવારીપત્ર પણ રદ થયું

**જુના વાઘણીયા બેઠકમાં ઉમેદવારી થઇ ન હતી અને કરીયાણામાં થયેલી એકમાત્ર ઉમેદવારીમાં ફોર્મ રદ થયુ**

અમરેલી,

નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતની પેટાચુંટણીમાં અમરેલી જિલ્લાની અંદર ત્રણ તાલુકા પંચાયતોમાં પેટાચુંટણી આવી હતી અને જેમાં હવે ઉમેદવારોના અભાવે માત્ર એક જ તાલુકા પંચાયતમાં ચુંટણી લડાશે કારણકે જે બેઠક ઉપર એકમાત્ર ઉમેદવારીપત્ર ભરાયુ હતુ તે બિનહરીફ જેવી ગણાતી બેઠકમાં ઉમેદવારીપત્ર રદ થતા અહીં પણ ચુંટણી નહી થાય. બગસરાની જુના વાઘણીયા બેઠક ઉપર આદિવાસી અનામત બેઠક હોય તેમાં ઉમેદવારી થઈ ન હતી અને બાબરા તાલુકા પંચાયતની કરીયાણા બેઠક ઉપર ભાજપનાં એકમાત્ર ઉમેદવારનું ફોર્મ ભરાયુ હતુ પરંતુ મતદાર યાદીમાં તેમનું નામ તે બેઠકને બદલે અન્ય બેઠક ઉપર નીકળતા આ ફોર્મ પણ રદ થયુ છે. જેથી આ બંને બેઠકમાં ચુંટણી નહી થાય અને હવે એકમાત્ર ધારી તાલુકા પંચાયતની મીઠાપુર ડુંગરી બેઠકમાં ચુંટણી લડાશે.

### સાયબર ફ્રોડથી બચવા અજાણી નેટ બેન્કિંગ એપ્લીકેશન ખોલવી નહી

# બાબરામાં મોબાઇલમાં એચડીએફ બેંકના નામે આવેલ ફ્રોડ લીંક કલીક કરાતા જ ૬૦ હજાર ગયા

**ફ્રોડ લીંકથી સાવચેત રહેવા અમરેલી સાયબર ક્રાઈમ બ્રાન્ચે અનુરોધ કર્યો**

અમરેલી,

બાબરાના નાગરીકે મોબાઈલમાં એચડીએફસી બેંકના નામે આવેલ ફ્રોડ લિંક પર કલીક કરતા નેટ બેકિંગ એપ્લીકેશન ડાઉનલોડ થઈ ગયેલ.

તે એપ્લીકેશન ખોલી ઓટીપી નાખતા રૂ.૫૯ હજાર કપાઈ ગયેલા અને સાયબર ક્રાઈમનો ભોગ બન્યા હતા. કોઈપણ અજાણી લીંક ખોલવી નહી. અને અજાણી લીંક, અજાણી એપ્લીકેશન ડાઉનલોડ કરવી નહી. આવી માહિતિ મેળવવા માટે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ અથવા સાયબર ક્રાઈમ પોલિસ સ્ટેશન અમરેલી વોટસએપ ચેનલ ફોલો કરવા અનુરોધ કર્યો હતો.

તેમ અમરેલી સાયબર ટીમે જણાવ્યું છે.

### સુરત પોલીસ આગામી ૧૫ ફેબ્રુઆરીથી હેલ્મેટના કાયદા ચુસ્તપણે કાર્યવાહી કરશે

# બગસરામાં આડેધડ વાહન પાર્કિંગથી ટ્રાફિકની સમસ્યા

**શહેરમાં કાયદો વ્યવસ્થા કથળી : લોકોમાં ભયનો માહોલ છવાયો**



બગસરા, (સમીર વિરાણી) બગસરામાં કાયદો અને વ્યવસ્થા કથળી હોય તેવું લાગી રહ્યું છે ત્યારે થોડા સમય પહેલા બગસરા મામલતદાર સાહેબ ની મોટરસાયકલ ધોળા દિવસે મામલતદાર ઓફિસની પાસેથી ચોરી થઈ જતા ચોરો પોલીસે ને પડકાર ફેકતા હોય તેમ લાગી રહ્યું છે કારણ કે હાલમાં જ મામલતદાર બગસરા હોય ત્યારે ત્રણ માસ પહેલા ધોળા દિવસે તેમની ગાડી મોટરસાયકલ ચોરી થઈ તો હવે આમ પબ્લિક ની ગાડી ની તો શું વાત કરવી આવી બગસરામાં અનેક બાઈકો ચોરી થયેલ છે બગસરામાં ચોરી અસામાજિક તત્વો ની દહેસત આડેધડ પાર્કિંગ ટ્રાફિકની સમસ્યા બગસરા ના રસ્તા પરથી ૧૦૮ કે અન્ય એમ્બ્યુલન્સને પસાર થવું હોય ઈમર્જન્સીમાં દર્દીને લઈને કે ડીલેવરી કેસ હોય કે અકસ્માત નો તો પાંચ મિનિટ ઉભું રહી જવું પડે છે કારણ કે રોડ ઉપર ટ્રાફિકની સમસ્યા માથાનો દુખાવો છે બગસરા બસ સ્ટેન્ડમાં બેફામ લુખ્ખા અને આવારા તત્વો બેફામ ગાડીઓ ચલાવી ને સીન સપાટા જમાવતા હોય છે ત્યારે આવો ને કાયદાનું ભાન ક્યારે કરાવશે તે હવે જોવાનું રહ્યું અમરેલી જિલ્લા પોલીસ વડા હિમ કર સિંહ ની બદલી થતાં કાયદો વ્યવસ્થા કથડી હોય તેવું લાગી રહ્યું છે . જેને બગસરામાં સમસ્યા હલ કરવા માટે મૂક્યા હોય છે તે આટા ફેરા ને આશીર્વાદ અને મોબાઈલમાં જોઈને આનંદ માને છે ગામનું જે થવું હોય એ થાય બગસરા પોલીસ સ્ટેશન પીઆઈ અને પીએસઆઈ નું હોવાથી મોટું પોલીસ સ્ટેશન છે કાયદો ને વ્યવસ્થા ક્યારે સુધરશે તે જોવાનું રહ્યું.






## પબ્લિક નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ગામ મોજે સાવર સામાપાદર ગામે બિનખેતી થયેલ જમીન રે.સ.નં. ૧૨૭/૧ પૈકીની જમીન એકર ૨-૦૪ ગુંઠા માં પ્લોટ નં.૨ માં આવેલ મનમંદિર કોમ્પલેક્ષમાં ફર્સ્ટ ફ્લોરમાં આવેલ દુકાન નં.૧૨૪ તથા ૧૨૫ જેના ચો.મી. ૩૮-૫૬ છે. તે તથા દુકાન નં.૧૨૩ જેના ચો.મી. ૧૯-૭૧ છે. તે તથા કુંડલા ગામના રે.સ.નં. ૨૩૨ પૈકીની બિનખેતી થયેલ જમીન એકર ૧૪-૧૪ ગુંઠામાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૧૧૨ પૈકી દક્ષિણ ભાગ જેના ચો.મી. ૯૩.૦૨ છે. તથા તેમા આવેલ રહેણાંક મકાન - ૧ તથા કુંડલા ગામે નેસડી રોડ ઉપર આવેલ શિવલીલા રેસીડેન્સી કે જેનો રે.સ.નં.૮ પૈ.૧ ની બિનખેતી થયેલ જમીન એકર ૬-૨૯ ગુંઠામાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૨૫ પૈકી ઉતર તરફનો ભાગ જેના ચો.મી. ૧૦૪.૩૬ તેમના માલીક પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ સદરહુ મિલ્કત સામે કોઇપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે આ મિલ્કતમાં કોઇનો કોઇપણ સ્વરૂપે હક્ક, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહક્ક, કબજો વિગેરે હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૦ (દસ) માં સંપુર્ણ આધાર પુરાવાઓ સાથે મારા નીચે દર્શાવેલા સરનામે અમોને લેખીત જાણ કરશો. જેમાં કસુર થયે કોઇનો કોઇપણ સ્વરૂપે હક્ક, હિત, હિસ્સો, બોજો, અગ્રહક્ક કે કોઇપણ પ્રકારે વાંધો, તકરાર નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ હોવાનું ગણી અમારા અસીલ અવેજની રકમ ચુકવીને વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે કોઇ વાંધો તકરાર બંધનકર્તા રહેશે નહી જેની આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૩-૦૨-૨૦૨૫
સ્થળ : સાવરકુંડલા

જતીન એલ.મહેતા - એડવોકેટ
ઓફીસ : ૯, સિધ્ધી વિનાયક ચેમ્બર, મામલતદાર ઓફીસ સામે, મહુવા રોડ, સાવરકુંડલા મો.૯૮૭૯૮ ૪૩૬૩૬, ૭૬૦૦૯ ૪૧૮૫૪


## સંકુલ UG કોલેજ - સારૂ શિક્ષણ - ઉચ્ચ પરિણામ

★ BA(Eng) Sem. VI – 100% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
★ BA(Psy) Sem. VI – 90% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
★ B.Com.(GM) Sem. IV – 93% પરિણામ સાથે 91% ફર્સ્ટક્લાસ 2023–24
★ B.Com.(GM) Sem. VI – 90% પરિણામ સાથે 90% ફર્સ્ટક્લાસ 2023–24
★ B.Sc.(Appli) Sem. IV – 93% પરિણામ સાથે 91% ફર્સ્ટક્લાસ 2023–24
★ B.B.A. Sem. VI – 97% પરિણામ સાથે 97% ફર્સ્ટક્લાસ 2023–24

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી -Ad 107

## પોકાર માર્બલ ઇન્ડસ્ટ્રીઝ

POKAR GROUP
•ગ્રેનાઇટ •માર્બલ •કોટાસ્ટોન
•વિટ્રીફાઇડ ટાઇલ્સ •વોલ ટાઇલ્સ •સેનેટરીવેર

VARMORA TILES • BATHWARE | LAVISH CRAFTED UNIQUELY | LAKME VITRIFIED | ESSCO by Jaquar

દરેક આઇટમ વ્યાજબી ભાવથી મળશે

ચિતલ રોડ, એરોડ્રામની સામે, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૬૩૯

દિપક પોકાર મો.૯૪૨૮૭ ૧૨૫૬૨, ૭૯૯૦૨ ૧૧૧૮૩


## મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૦/૨૫...............તા.૩૧-૦૧-૨૦૨૫

વિવાદી :- શ્રી પટેલ શ્વેતલકુમાર હસમુખભાઈ રહે.ધરાઈ, તા.બાબરા
વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી ધરાઈ ગ્રામ પંચાયત
વિવાદીના વકીલશ્રી : જે.આર.ગોઠડીયા

### જાહેર નોટીસ

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે ધરાઈ ગામના રહીશ આ કામના અરજદારશ્રીના બહેન શ્રી પટેલ મિતલબેન હસમુખભાઈનો જન્મ તા.૨૪-૦૧-૧૯૮૩ ના રોજ મોજે ધરાઈ, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૮-૦૧-૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮-૦૨-૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો — તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
બાબરા


## શ્યામ આંખની હોસ્પિટલ

ડૉ. કપિલ બી. વરૂ
એમ.એસ. (ઓપ્થેલ.)
ફેલો મેડિકલ રેટિના

મોતિયા, ઝામર અને પડદાના રોગોના નિષ્ણાંત

: મેઈન બ્રાન્ચ :
સફારી પ્લાઝા, બીજો માળ, ઍંજલ સિનેમાની સામે, માણેકપરા, અમરેલી. મો. ૮૭૫૮૫ ૩૫૦૦૦

: અન્ય બ્રાન્ચ :

: બાબરા :
ઝાફરી કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેશન, અમરાપરા રોડ, બાબરા. મો. ૮૨૩૮૩ ૦૬૦૦૦

: ધારી :
ખોડીયાર કોમ્પ્લેક્ષ, પટેલ વાડી ગેટની સામે, અમરેલી રોડ, ધારી. મો. ૮૨૩૮૩ ૦૭૦૦૦

: રાજુલા :
શિવશકિત શોપીંગ, બેન્ક ઓફ બરોડાની પાસે, કોહિનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, રાજુલા. મો. ૭૪૩૪૮ ૦૮૦૦૦

: સાવરકુંડલા :
રિધ્ધિ સિધ્ધિ કોમ્પ્લેક્ષ, તાલુકા પંચાયત ઓફિસની સામે, મહુવા રોડ, સાવરકુંડલા. મો. ૮૨૩૮૬ ૦૯૦૦૦


# ભાવભરી શ્રદ્ધાંજલી



## સ્વ. વિજયભાઇ હંસરાજભાઇ સતીકુંવર

(પ્રમુખશ્રી : મુંબઈ ઉપનગર પરજીયા પટ્ટણી સોની વાડી)

સ્વ.તા.૨-૨-૨૦૨૫, રવિવાર

મુંબઇ સોનીવાડીના પ્રમુખ અને પરજીયા સોની સમાજના વિરલ વ્યક્તિત્વ એવા સીધા સાદા અને સરળ **શ્રી વિજયભાઇ સતીકુંવર** ની વસમી વિદાય સહન કરવાની તેમના પરિવારને ભગવાન શક્તિ આપે. **શ્રી વિજયભાઇ સતીકુંવર પરિવાર** ને તો તેમની ખોટ પડી જ છે પણ સાથે અમરેલી જિલ્લાનાં પરજીયા સોની સમાજને પણ મોટી ખોટ પડી છે. અમરેલી જિલ્લાનાં પરજીયા સોની સમાજની પડખે ખંભે ખંભો મીલાવી અને તેમના સુખ દુઃખમાં, સારા નરસા પ્રસંગોમાં ઉભા રહેલ અડધી રાતના હોકારા જેવા શ્રી વિજયભાઇની ખોટ કદી પુરાશે નહી અને તેમના સાથ સહકાર અને યોગદાન અને હુંફને અમરેલી જિલ્લાનો પરજીયા સોની સમાજ કદી ભુલી શકશે નહી.

લી.

**ભરત ચૌહાણ**
ચેરમેન
અવધ વેલફેર સોસાયટી - અમરેલી

## તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં

જન્મ નોંધ અરજી.રજી.નં.૧૪/૨૦૨૫

અરજદાર :- શ્રી ભાવનાબેન વલ્લભભાઈ જાગાણી વા/ઓ જગદીશભાઈ સાવલીયા રહે.નવાગામ, સુરત
અરજદારના વકીલશ્રી : બી.એચ.મકવાણા રહે.ગારીયાધાર
સામાવાળા :- તલાટીકમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી નાના રાજકોટ, તા.લીલીયા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના નાના રાજકોટ ગામના રહીશ શ્રી ભાવનાબેન વલ્લભભાઈ જાગાણી વા/ઓ જગદીશભાઈ સાવલીયાએ તેમનો પોતાનો જન્મ નાના રાજકોટ મુકામે તા.૦૧-૦૬-૧૯૬૪ ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ભાવનાબેન વલ્લભભાઈ જાગાણી વા/ઓ જગદીશભાઈ સાવલીયાના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને.-૧૯૬૪ માં થયેલ નથી હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૧૮-૦૨-૨૦૨૫ ના રોજ સવારના ૧૬.૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે. આજ તા.૨૯-૦૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો — તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા

## મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૯/૨૫...............તા.૩૧-૦૧-૨૦૨૫

વિવાદી :- શ્રી ખીસડીયા વિજયભાઈ ખોડાભાઈ રહે.વાંકીયા, તા.બાબરા
વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી વાંકીયા ગ્રામ પંચાયત
વિવાદીના વકીલશ્રી : જે.આર.ગોઠડીયા

### જાહેર નોટીસ

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે વાંકીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી ખીસડીયા વિજયભાઈ ખોડાભાઈનો જન્મ તા.૦૧-૦૬-૧૯૮૫ ના રોજ મોજે વાંકીયા, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૦-૦૧-૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮-૦૨-૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો — તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
બાબરા

## મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૨૯/૨૫...............તા.૩૧-૦૧-૨૦૨૫

વિવાદી :- શ્રી પટેલ શ્વેતલકુમાર હસમુખભાઈ રહે.ધરાઈ, તા.બાબરા
વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી ધરાઈ ગ્રામ પંચાયત
વિવાદીના વકીલશ્રી : જે.આર.ગોઠડીયા

### જાહેર નોટીસ

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે વાંકીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી પટેલ શ્વેતલકુમાર હસમુખભાઈનો જન્મ તા.૧૦-૦૯-૧૯૮૫ ના રોજ મોજે ધરાઈ, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૮-૦૧-૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૮-૦૨-૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો — તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
બાબરા




AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૪-૦૨-૨૦૨૫ મંગળવાર

# નવાઈ લાગશે પણ ભારત માત્ર ઉત્પાદનો જ નહિ, સેવાઓની પણ નિરંતર નિકાસ કરે છે

દેશમાંથી માત્ર વસ્તુઓની જ નિકાસ થાય નથી. સેવાઓની પણ નિકાસ થાય જે વધારાનું લાખો ડોલરનું હુંડિયામણ કમાવી આપે છે. ભારતમાં રહીને વિદેશી કંપનીઓ માટે કે વિદેશની સરકારો માટે કામ કરનારા આપણા સર્વિસ સેક્ટરમાં બહુ લોકો છે. આઉટસોર્સિંગ એનો એક રાજમાર્ગ છે. જો છેલ્લા કેટલાક દાયકાઓની વાત કરીએ તો ભારતીય અર્થતંત્રનું એક ઉજ્જવળ પાસું સેવા નિકાસની છે.

આનાથી માત્ર વ્યાપાર તફાવત જાળવવામાં મદદ મળી નથી પરંતુ દેશમાં રોજગાર સર્જનનો સ્ત્રોત પણ બન્યો છે. આમાં ઉચ્ચ કુશળતા વાળા રોજગારનો સમાવેશ થાય છે. સેવા ક્ષેત્રે દેશની સફળતાને ધ્યાનમાં લેતાં વૈશ્વિક સ્તરે આપણે ક્યાં છીએ અને ભવિષ્યની શક્યતાઓ શું છે તેની તપાસ કરવી યોગ્ય રહેશે.

ભારતીય રિઝર્વ બેંકના માસિક બુલેટિનમાં પ્રકાશિત થયેલા એક સંશોધન લેખ પ્રમાણે ડોલરના સંદર્ભમાં ભારતની સેવાઓની નિકાસ છેલ્લા ત્રણ દાયકાઓમાં એટલે કે ૧૯૯૩ અને ૨૦૨૪ની વચ્ચે ૧૪ ટકાથી વધુના ચક્રવૃદ્ધિ દરે વૃદ્ધિ પામી છે. આ વૈશ્વિક સેવાઓની નિકાસ ૬.૮ ટકાની વૃદ્ધિ કરતાં ઘણી સારી છે. પરિણામે, સમાન સમયગાળામાં સેવાઓની નિકાસમાં ભારતનો હિસ્સો ટકાથી વધીને ૪.૩ ટકા થયો છે. આના કારણે ભારત વિશ્વમાં સાતમો સૌથી મોટો સર્વિસ એક્સપોર્ટર બન્યો. ઈ.સ. ૨૦૦૧ માં ભારત ૨૪મા સ્થાને હતું.

હાલમાં, ભારત ટેલિકોમ્યુનિકેશન, કમ્પ્યુટર અને માહિતી સેવાઓની નિકાસમાં વિશ્વમાં બીજા ક્રમે અને સાંસ્કૃતિક અને મનોરંજન સેવાઓની નિકાસમાં છઠ્ઠા ક્રમે છે. ભારતને ટેકનિકલ પ્રગતિ અને તેના અપનાવવાથી થયો છે. ભારતના કામકાજ કરનાર વર્ગમાં મોટી સંખ્યામાં અંગ્રેજી બોલતા લોકો છે અને એન્જિનિયરિંગ ક્ષેત્રે પણ ઘણી પ્રતિભાઓ છે. સ્થાનિક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પોલિસી ફોકસથી ભારતને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને તેને સંબંધિત સેવાઓના ક્ષેત્રમાં નોંધપાત્ર વૈશ્વિક હિસ્સો મેળવવામાં મદદ મળી છે.

આઈટીમાં ભારતની નવી પેઢીએ જે વાઘ છલાંગ લગાવી છે એનાથી ભારતને કામ સોંપવાની વિશ્વસનીયતા અભિવૃદ્ધ થઈ છે. અગાઉ કોરોના કાળ વખતે દેશની અનેક નાની આઈટી કંપનીઓ એવી હતી જેની પાસે એની ક્ષમતા કરતાં અનેકગણા વધારે એટલે કે સતત લાખો ડોલરના કામ વિદેશથી આવતા હતા.

ભારત સેવાઓની નિકાસમાં છાને પગલે બહુ આગળ વધી રહ્યું છે તે એક શુભ સંકેત છે. વાત મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા ભારતમાં વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો (જીસીસી) ની સ્થાપનાને કારણે પણ અનુભવી શકાય છે. ઈ. સ. ૨૦૧૫-૧૬ થી ઈ. સ. ૨૦૨૩-૨૪ સુધીમાં, ભારતમાં જીસીસીની સંખ્યા ૬૦ ટકા વધીને ૧,૬૦૦ થી વધુ થઈ ગઈ છે. સમગ્ર વિશ્વમાં ડિજિટલ ટેક્નોલોજીનો સ્વીકાર વધ્યો છે અને ભારતને પણ તેનો સ્પષ્ટ થયો છે. ઈ.સ. ૨૦૧૯ અને ૨૦૨૪ની વચ્ચે ડિજિટલી સપ્લાય કરેલી સેવાઓની નિકાસમાં ૪૦ ટકાનો વધારો થયો છે અને આ ઉપક્રમે ભારત એક ચમત્કાર જ કર્યો છે.

ટેક્નોલોજી ક્ષેત્ર ઉપરાંત, ભારતની પ્રવાસનની નિકાસ પણ મજબૂત રહી છે, જો કે તે હજી પણ રોગચાળાની અસર સાથે સંઘર્ષ કરે છે પ્રવાસન પણ તેનો એક ભાગ છે. ભારતમાં જાહેર આરોગ્યની સ્થિતિ વખાણવા લાયક નથી. અલબત્ત એનડીએના શાસનમાં પહેલા કરતાં સ્થિતિ સુધરી છે પરંતુ આંતરરાષ્ટ્રીય ધોરણો હજુ જળવાતા નથી. થોડા વરસો હજુ સરકારે એ દિશામાં કામ ચાલુ રાખવું પડશે. ભારતે પરિવહન સેવાઓની નિકાસમાં પણ સારું પ્રદર્શન કર્યું છે અને આવકની દ્રષ્ટિએ ક્રમ ઈ.સ. ૨૦૦૫માં ૧૯મા ક્રમેથી આગળ વધીને ૨૦૨૨માં ૧૦મા ક્રમે આવ્યો છે.

ભારતે વૈશ્વિક સેવાઓના વેપારમાં પણ સ્પર્ધાત્મક ધાર દર્શાવી છે, ખાસ કરીને ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સંબંધિત ક્ષેત્રોમાં. પરંતુ પ્રશ્ન એ છે કે શું આ તાકાત મધ્યમથી લાંબા ગાળે ટકી રહેશે? રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અર્થશાસ્ત્રીઓના સંશોધનોએ છે કે બાહ્ય ડિમાન્ડ અને ભાવની સ્પર્ધા સેવાની નિકાસને ખૂબ અસર કરે છે.

ઉદાહરણ તરીકે, વૈશ્વિક ગ્રોસ ડોમેસ્ટિક ઉત્પાદનમાં એક ટકાનો વધારો દેશની સેવા નિકાસમાં ૨.૫ ટકાના વધારા તરફ દોરી જાય છે. વધુમાં, વાસ્તવિક અસરકારક વિનિમય દરમાં એક ટકાનો વધારો વાસ્તવિક સેવાઓની નિકાસમાં ૦.૮ ટકાના ઘટાડા તરફ દોરી શકે આગામી વર્ષોમાં વૈશ્વિક આર્થિક વૃદ્ધિ પ્રમાણમાં નબળી રહેવાની ધારણા હોવાથી સેવાની નિકાસને પણ પ્રતિકૂળ પરિસ્થિતિઓનો સામનો કરવો પડી શકે છે.

## ગોઢાવદરમાં જમીનના ભાગ બાબતે બે કુટુંબીઓ વચ્ચે મારામારી

### ઢીકાપાટું વડે મારમારી ધમકી આપ્યાની લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે ભરતભાઈ કરશનભાઈ નારોલા ઉ.વ.૫૪ તથા નરેશ કરશનભાઈ નારોલા હાલ સુરત તથા કેતન દેવરાજભાઈ નારોલા હાલ પુનાવાળાઓએ ભરતભાઈ પાસે આવી જમીનમાં ભાગ માંગતા કહેલ કે પહેલા જમીન ઉપર સંયુકત લેણુ છે. તે ભાગે પડતું આપી દે તો આ જમીનમાં તારો ભાગ આપી દઈએ. તેમ કહેતા નરેશને સારૂ નહી લાગતા કેતનને ફોન કરી બોલાવતા લાકડી લઈ આવી ભરતભાઈને કહેલ કે જમીનમાં જે ભાગ આવતો હોય. તે નરેશભાઈને આપી દેજો તેમ કહી આરોપીઓએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની લીલીયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે નરેશભાઈ કરશનભાઈ નારોલા ઉ.વ.૪૫ તથા ભરત કરશનભાઈ નારોલા, કરશન રણછોડભાઈ નારોલા ભાઈ તથા પિતાજી થતા હોય. નરેશભાઈને કરશનભાઈ પાસે જમીન તથા મકાન પ્લોટમાં હિસ્સો માંગતા હોય. જે આરોપીઓને સારૂ નહી લાગતા ભરતે ગાળો બોલી ઢીકાપાટું વડે મુંઢમાર મારી કરશનભાઈ રણછોડભાઈ નારોલાએ મુંઢમાર મારી એકબીજાએ મદદગારી કરી ધમકી આપી ગુનો કર્યાની લીલીયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### બાબરામાં જુગાર રમતા બે મહિલા સહિત પાંચ ઝડપાયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

બાબરામાં જાહેરમાં હારજીતનો જુગાર રમતા રાજુભાઈ સોલંકી, યુનુસખાન લાલખાન જલવાણી, જીતુ કરશનભાઈ બારૈયા, અંજુબેન રાજુભાઈ સોલંકી, લતાબેન કેશુભાઈ વણોદીયાને પો.કોન્સ.છત્રપાલસિંહ ગોહિલે રોકડ રૂા.૪૯૫૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

### અમરેલીમાં ભારે વાહન પ્રતિબંધિત જાહેરનામાનો ભંગ કરતા ગુનો નોંધાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી નાગનાથ રોડ તરફથી બિનાકાચોક તરફ જીલ્લામેજીસ્ટ્રેટશ્રીના પ્રતિબંધિત ભારે વાહનોના જાહેરનામાનો ભંગ કરતા વિપુલ અરવિંદભાઈ ભારથી રહે. અમરેલી જેંસીગપરાવાળા સામે પો.કોન્સ.રાણાભાઈ પરમાર જીલ્લા ટ્રાફીક શાખા દ્વારા ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

### આરોહ ફાઉન્ડેશન દ્વારા 'નાણાંકીય સાક્ષરતા' તાલીમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર,

આરોહ ફાઉન્ડેશન ગુજરાતનાં ૨૯ જીલ્લા અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં (દાદરા નાગર હવેલી દમણ, દીવ) છેલ્લા એક વર્ષ થી નાણાકીય સહયોગ આર બી આઈ તથા જીસ્ અને સ્સ્ ના સહયોગ, નાબાર્ડ સાથે નાણાંકીય સાક્ષરતા કાર્યક્રમ હેઠળ કામ કરી રહી છે







રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

૪.૨.૨૦૨૫ , મંગળવાર ,સંવંત ૨૦૮૧, મહા સુદ સાતમ, અશ્વિની નક્ષત્ર , શુભ યોગ, ગર કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે .
વૃષભ (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન શકો, મુશ્કેલીમાં થી માર્ગ મળે, મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ, પ્રગતિ થાય.
સિંહ (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મળી રહે, લોકોની પ્રશંસા મળે, શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ એકંદરે સારો રહે.
તુલા (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
વૃશ્ચિક (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): વિવાનહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
મકર (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
કુંભ (ગ,સ,શ ) : સ્ત્રી માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે, નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મીન (દ,ચ,ઝ,થ): સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકો ને પ્રભાવિત કરી શકો.

## અમરેલી જીલ્લામાં અપમૃત્યુંના વધુ ત્રણ બનાવો

# ભેરાઈમાં યુવાનનું અને સિન્ટેક્ષ કંપની હોસ્ટેલમાં યુવતિનું ગળાફાંસો ખાઈ જતા, શીયાળબેટમાં પ્રૌઢનું હાર્ટએટેકથી મોત

### પીપાવાવ મરીન પોલીસ અને જાફરાબાદ પોલીસ મથકમાં અલગ અલગ બનાવો અંગે જાહેર કરવામાં આવ્યું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી જીલ્લામાં દિનપ્રતિદિન અપમૃત્યુંના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહયો છે. ત્યારે જીલ્લામાં વધુ ત્રણ અપમૃત્યુંના બનાવો પોલિસમાં જાહેર થયેલ. જેમાં ભેરાઈમાં યુવાન સિન્ટેક્ષ કંપની હોસ્ટેલમાં યુવતિનું ગળાફાંસો ખાઈ જતા, શીયાળબેટમાં પ્રૌઢનું હાર્ટ એટેકથી મોત નિપજયા હતા. જેમાં રાજુલા તાલુકાના ભેરાઈ ગામે રહેતા ઈમ્તિયાજભાઈ નનુભાઈ કાજી ઉ.વ.૩૨ પોતે પોતાની જીંદગીથી કંટાળી જઈ પોતાના ઘરે પોતાની મેળે ગળાફાંસો ખાઈ જતા મોત નિપજયાનું હનીફભાઈ નનુભાઈ કાજીએ મરીન પીપાવાવ પોલિસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં આફીનબેન મહમદયુનુસભાઈ સતાર મહમદભાઈ શેખ ઉ.વ.૨૫ હાલ કોવાયા સિન્ટેક્ષ કંપની ગર્લ્સ હોસ્ટેલમાં ગળાફાંસો ખાઈ જતા મોત નિપજયાનું યુપીના સરપાપુર ગાંધી તા.બડેગાવના મહમદયુનુસભાઈ સતારમહમદ શેખે જાફરાબાદ પોલિસ મથકમાં જાહેર કરેલ છે. જયારે ત્રીજા બનાવમાં જાફરાબાદ તાલુકાના શીયાળબેટ ગામે રહેતા છગનભાઈ ગોલણભાઈ ગુજરીયા ઉ.વ.૫૫ ને હાર્ટ એટેક આવી જતા મોત નિપજયાનું પુત્ર જયેશભાઈ છગનભાઈ ગુજરીયાએ જાફરાબાદ મરીન પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## તોરીમાં એસાર પેટ્રોલપંપ પાસે બોલેરો સાથે એસટી બસ અથડાતા બેને ઈજા

### બોલેરો પાછળ ઠોકર મારતા ખાળીયામાં ઉતારી ઈજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) વડિયાના તોરી ગામ પાસે એસાર પેટ્રોલપંપ નજીક બગસરા તાલુકાના બાલાપુર ગામના નિકુલભાઈ લાખાભાઈ સાગઠીયા ઉ.વ.૩૩ તથા તેના પિતાજી લાખાભાઈ બંને ગળધ ગામેથી ડીજે સાઉન્ડ વગાડીને બાલાપુર ગામે આવતા હતા. તે દરમ્યાન તોરી ગામ નજીક આવેલ એસાર પેટ્રોલપંપની આગળ પહોંચતા એસટી બસ જી.જે. ૧૮ ઝેડ ૭૫૮૧ ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી નિકુલભાઈની બોલેરો જી.જે. ૧૩ એ.ડબલ્યુ૦૦૩૪ સાથે પાછળથી ઠોકર મારી બોલેરો ગાડી ખાળીયામાં ઉતારી દેતા નિકુલભાઈને ડાબી બાજુ કપાળના ભાગે તથા તેના પિતા લાખાભાઈને મુંઢ ઈજાઓ કરી ગુનો કર્યાની વડિયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવ છે.

## લાઠીના પ્રતાપગઢ ગામ નજીક બાઈક ખાળીયામાં ઉતરી જતા યુવાનનું મોત

### બાઈકનો કાબુ ગુમાવતા ખાળીયામાં ઉતરી જતા ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવ્યું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

લાઠી તાલુકાના પ્રતાપગઢથી ભીંગરાડ જવાના રોડ ઉપર પ્રતાપગઢ નજીક એમપીના શ્રમિક રાકેશભાઈ કેનસીંગભાઈ ગણાવા ઉ.વ.૩૦ પોતાનું બાઈક જી.જે.૦૫ બી.જે.૫૪૩૫ નું લઈને પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી બાઈકનો કાબુ ગુમાવી પોતાનું બાઈક રોડની સાઈડમાં ઉંડા ખાળીયામાં ઉતારી દઈ પોતાના શરીરે કપાળના ભાગે તથા મોઢા ઉપર ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી ગુનો કર્યાની પિતા કેનર્સીંગભાઈ સુમાભાઈ ગણાવાએ લાઠી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## જાફરાબાદના રોહીસા ગામે યુવાન ઉપર હુમલો

### ચાલુ બાઈકમાં એક શખ્સે કપાળમાં લાકડી મારી ઈજા કરી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

જાફરાબાદ તાલુકાના રોહીસા ગામે વડલા ચોક પાસે વલ્લભભાઈની દુકાન પાસે રમેશભાઈ લખમણભાઈ બાંભણીયા ઉ.વ.૩૦ પોતાના ઘરેથી બાઈક લઈ માવો ખાવા માટે ગામમાં જતા હોય. તે દરમ્યાન સંજયગીરી બાબુગીરી ગૌસ્વામી પાસે પોતાના મજુરીના પૈસા બાકી હોય. જેનુ મનદુ:ખ રાખી રમેશભાઈની ચાલુ બાઈકમાં લાકડીનો એક ઘા ડાબી આંખના ઉપરના ભાગે તેમજ કપાળમાં લાકડીનો ઘા મારી ત્રણ ટાંકા લાવી ઈજા કરી ગુનો કર્યાની જાફરાબાદ મરીન પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ધારી ગીરનાં ગીગાસણ ગામે જુના મકાનની દિવાલ પડતા પ્રૌઢનું મોત

### જુના મકાનની દિવાલ અચાનક તુટી પડતા માથાના ભાગે ગંભીર ઇજા થતા મોત નિપજ્યું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારી તાલુકાના ગીગાસણ ગામે રહેતા દિનેશભાઈ મનુભાઈ ડોબરીયા ઉ.વ.૪૩ જુના મકાનની દિવાલ પાડવાનું કામ કરતા હોય. અચાનક પુરી દિવાલ તુટી પડતા શરીરે અને માથામાં ગંભીર ઈજા થતા મોત નિપજયાનું પ્રવિણભાઈ જાદવભાઈ કોટડીયાએ ધારી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## મહુવાના વડલી ગામે પરીણીતાને ત્રાસ અપાયો

### કરીયાવર પ્રશ્ને ત્રાસ આપી મારમાર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) મહુવા તાલુકાના વડલી ગામે ગીતાબેન ભાવેશભાઈ હડીયા ઉ.વ.૨૮ હાલ રાજુલાને પતિ ભાવેશ દિનેશભાઈ હડીયા, સસરા દિનેશ રણછોડભાઈ, સાસુ મુકતાબેન દિનેશભાઈ, ગુણવંત દિનેશભાઈ હડીયા હાલ અમદાવાદ સહિતે તા.૧-૧-૨૦ થી તા.૧૨-૯-૨૩ સુધી અવાર નવાર કરીયાવર પ્રશ્ને મેણાટોણા મારી શારીરીક અને માનસિક ત્રાસ આપી ગાળો બોલી ઢીકાપાટું વડે મારમારી ગુનો કર્યાની રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ધારીમાં બે બાઈક અથડાતા એકને ઈજા

### બાઈક ભટકાવી પછાડી મોઢાના ભાગે તથા આંખ પાસે ફેકચર કર્યુ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

ધારી બસસ્ટેશન સામે આશાબેન કાંતિભાઈ વાઘેલા ઉ.વ.૪૦ ના દિકરા જયસુખભાઈ કાંતિભાઈ વાઘેલા પોતાનું બાઈક જી.જે.૩૨એ.એચ.૮૧૦ લઈને ધારી કારખાને જતો હતો. તે વખતે બાઈક જી.જે.૧૪ એ.એલ.૮૫૫૮ ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી બાઈક ચલાવી રોન્ગ સાઈડમાં આવી જયસુખભાઈના બાઈક સાથે ભટકાવી પછાડી મોઢાના ભાગે આંખ પાસે ગંભીર ઈજા કરી ફેકચર કરી નાકમાંથી લોહી કાઢી તેમજ પગમાં નાની મોટી મુંઢ ઈજાઓ કરી ગુનો કર્યાની ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલીના ગાવડકાની સીમમાં પીછો કરીને પ્રૌઢાની છેડતી કરી

### શેરડીનો વાડ સળગાવી દોઢ લાખનું નુકશાન કર્યુ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી તાલુકાના ગાવડકા ગામની કોબાસીમમાં પ્રૌઢાની માલિકીની વાડી ખેતરમાં આરોપી અનિલ ઉર્ફે પીલી રામજીભાઈ ડેડાણીયાએ પ્રૌઢાનો પીછો કરી તેની સામે ગંદા ઈશારાઓ કરી ગાળો બોલી છેડતી કરી પ્રૌઢા તેને વશ ન થતા આરોપીએ પ્રૌઢાની માલિકીની વાડી ખેતરમાં ઉભેલ શેરડીનો વાઢ સળગાવી નાખી આશરે રૂા.૧.૫૦,૦૦૦ નું નુકશાન કરી સ્ત્રીની લાજ લેવાના ઈરાદાથી છેડતી કરી સ્ત્રીની ગરીમાનો ભંગ કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### મોટી કુંકાવાવની જુની પ્રાથમિક શાળા પાસેથી બાઈક ચોરાયું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) મોટી કુંકાવાવ જુની પ્રાથમિક શાળા પાસે તા.૩૧-૧-૨૪ના બપોરના દોઢથી સવા બે દરમ્યાન અરવિંદભાઈ પુંજાભાઈ મારૂ રહે.બરવાળા બાવીશીવાળાનું એચ.એફ.ડિલકસ જી.જે.૫ કે.એમ.૭૮૫૫ કોઈ ચોરી કરી ગયાની વડિયા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## લાઠીના સરકારી પીપળવા ગામે બે કુટુંબીઓ વચ્ચે મારામારી

### ઝપાઝપી કરી હાથમાં પહેરેલ કડુ વાગી જતા ઈજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) લાઠી તાલુકાના સરકારી પીપળવા ગામે મુકેશભાઈ દેવાભાઈ ચારોલા ઉ.વ.૨૩ ના સગા મોટાબાપુજીના જમાઈ સાથે તેની પત્નિના રીસામણાની વાત કરતા હોય. તે દરમ્યાન હાથમાં પહેરેલ કડુ મુકેશભાઈના માથાના પાછળના ભાગે વાગી જતા ઈજા પહોંચાડી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની લાઠી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે જયસુખભાઈ લાલજીભાઈ ચારોલા ઉ.વ.૨૦ ના કાકાના દિકરા વનરાજ દેવાભાઈ તથા મુકેશ દેવાભાઈ ચારોલા તેમના કુટુંબના લોકોને જયસુખભાઈ તેમજ સામાવાળાઓના સગા કાકાના દિકરા દિકરીના લગ્નનું નિમંત્રણ આપેલ ન હોય. જેનુ મનદુ:ખ રાખી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની લાઠી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## જાફરાબાદમાં મહિલા ઉપર હુમલો

### બે શખ્સોએ મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

જાફરાબાદ રજામસ્જિદ પાસે રહેતી સમીમબેન જુમાભાઈ ભરય ઉ.વ.૪૦ ના ઘર પાસે જાવીદ સલીમભાઈ તથા સલીમે લાકડી લઈ આવી ગાળો બોલી ઢીકાપાટુંનો મુંઢમાર મારી સમીમબેનને કાનમાં બે ટાંકા આવે તેવી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની જાફરાબાદ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### પોરબંદર જિલ્લામાં આંદોલન રેલી દેખાવો અને સરઘસ ઉપર પ્રતિબંધ : જાહેરનામું બહાર પડયું

## મતિરાળામાં બે પાડોશીઓ વચ્ચે મારામારી

### લાકડાનો ધોકો અને ઢીકાપાટું વડે મારમારી ઈજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) લાઠી તાલુકાના મતિરાળા ગામે રહેતા રાકેશભાઈ મોહનભાઈ બગડા ઉ.વ.૨૪ નો ભત્રીજો માનસિક અસ્થિર હોય. તેણે આરોપીના ઘર સામે લઘુશંકા કરતા મોતીબેન સામતભાઈ ગોગીયાએ ઉશ્કેરાઈ લાફો મારી દીધેલ હોય. જયારે સામાપક્ષે કાંતિભાઈ સામતભાઈ ગોગીયા ઉ.વ.૪૨ ના બાએ અહીં લઘુશંકા ન કરવા બાબતે સમજાવતા રાકેશ મોહનભાઈ બગડાએ કાંતિભાઈના બા સાથે તકરાર કરી ગાળો બોલી લાકડાના બડીયા વડે શરીરે મુંઢમાર મારી ઈજા કરેલ હોય. એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની લાઠી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### સુડોકુ નં. ૨૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | | | 7 | 6 | |
| 8 | | 7 | | 4 | 5 | | | |
| | | 2 | | | | | | 4 |
| 2 | | | 6 | 8 | | 9 | 3 | |
| | | | 3 | | 2 | | | |
| | 3 | 4 | | 9 | 1 | | | 2 |
| 9 | | | | | | 3 | | |
| | | | 2 | 5 | | 6 | | 7 |
| | 5 | 3 | | | | 4 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૨૮ નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 1 | 3 | 8 | 5 | 4 | 9 |
| 3 | 8 | 1 | 5 | 9 | 4 | 7 | 2 | 6 |
| 9 | 5 | 1 | 2 | 6 | 7 | 3 | 8 | 1 |
| 4 | 2 | 3 | 7 | 1 | 9 | 6 | 5 | 8 |
| 1 | 9 | 7 | 6 | 8 | 5 | 4 | 3 | 2 |
| 5 | 6 | 8 | 4 | 2 | 3 | 9 | 1 | 7 |
| 8 | 1 | 9 | 3 | 4 | 6 | 2 | 7 | 5 |
| 2 | 3 | 5 | 9 | 7 | 1 | 8 | 6 | 4 |
| 7 | 4 | 6 | 8 | 5 | 2 | 1 | 9 | 3 |

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

### કપાસ ૮૮૦ થી ૧૪૯૨ મગફળી ૮૧૯ થી ૧૧૨૨

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૦૩-૧૦૮૦
શિંગમોટી-૮૧૯-૧૧૨૨
શીંગફાડા-૮૯૦-૧૧૫૦
તલસફેદ-૧૦૧૦-૨૧૪૦
તલકાળા-3000-૬૦૧૫
તુવેર-૯૪૦-૧૪૬૧
ઘઉંટુકડા-૫૬૧-૬૬૧
ઘઉંલોકવન-૫૬૩-૬૬૦
ચણા-૯૩૦-૧૦૮૦
કપાસ-૮૮૦-૧૪૯૨
ધાણા-૧૨૮૦-૧૩૫૫
સોયાબીન-૭૯૮-૭૯૪
અડદ-૮૨૦-૧૩૩૦
એરંડા-૧૦૫૫-૧૨૧૪
મરચાલાંબા-૫૭૦-3000
જીરૂ-૩૪૦૫-૩૯૦૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૨૦૦-૨૬૦
રીંગણા-૩૧૦-૪૧૦
કોબીઝ-૬૦-૧૯૦
ટમેટાં-૭૦-૧૧૦
સુરણ-૧૧૦૦-૧૨૦૦
ફોદીનો-૪૦૦-૬૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૪૦૦-૫૦૦
કાકડી-૩૪૦-૬૪૦
ગુવાર-૮૧૦-૧૨૧૦
દુધી-૧૬૦-૩૧૦
તુરીયા-૬૦૦-૮૦૦
ભીડો-૫૦૦-૭૦૦
આદુ-૬૦૦-૭૦૦
કોથમીર-૨૧૦-૩૧૦
મેથીભાજી-૨૨૦-૩૨૦
ટીંડોરા-૫૦૦-૬૦૦
લીમડોમીઠો-૩૫૦-૪૧૦
મરચાલીલા-૪૦૦-૭૦૦
મુળા-૧૨૦-૨૨૦
લીંબુ-૯૦૦-૧૦૦૦
પાલક-૧૦૦-૩૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૮૦-૫૦૦
સોયાબીન-૭૫૯-૭૫૯
ઘઉં-૫૩૦-૭૦૧
જુવાર-૬૧૧-૯૭૦
કપાસ-૧૩૦૦-૧૪૬૦
રાજગરો-૧૬૪૧-૧૬૪૧
અડદ-૮૦૦-૮૦૦
ચણા-૧૦૭૫-૧૦૯૨
શીંગ-૯૦૦-૧૦૦૬
તુવેર-

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૮૦-૭૦૬
ડુંગળીલાલ-૧૫૦-૪૭૦
તલસફેદ-૨૦૦૦-૨૦૭૬
અડદ-
તુવેર-૧૦૦૦-૧૪૫૦
ચણા-૭૦૦-૧૦૮૬
ડુંગળીસફેદ-૨૧૦-૩૬૧
શીંગ-૧૦૨૦-૧૧૭૧
બાજરી-૫૦૦-૬૨૩
જુવાર-૪૯૦-૯૬૦
નાળીયેર-૫૬૬-૨૫૨૬

**બાબરા યાર્ડ**
કપાસ-
ઘઉં-
મગફળી-
સોયાબીન-
જીરૂ-
મગફળીબી.ટી.-
કપાસમીડીયમ-
તુવેર-

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૦૬-૧૪૦૦
તુવેર-૧૩૨૦-૧૩૨૦
ઘઉં-૫૪૫-૬૧૨
સોયાબીન-૬૭૧-૬૭૧
મગફળી-૬૦૫-૧૦૦૫
ધાણા-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગજીણી-૯૦૦-૧૦૪૦
શીંગમોટી-૯૫૦-૧૦૫૩
તુવેર-૧૩૫૦-૧૪૯૦
તલસફેદ-૧૫૭૧-૧૮૦૦
કપાસ-૧૩૦૦-૧૪૬૫
ઘઉંલોકવન-૬૦૦-૬૭૦
જીરૂ-૩૮૦૦-૪૦૦૩
જુવાર-૭૫૦
ચણા-૧૦૭૦-૧૧૪૧
સોયાબીન-૭૫૦-૭૮૨
એરડી-૧૧૮૫

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૫૨-૧૪૭૧
મગફળી-૧૦૦૦-૧૦૨૦

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૧૨૫-૧૪૮૬

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૦૦-૧૫૦૦
ચણા-૧૦૩૦-૧૦૪૦
મગફળી-૮૬૦-૯૦૧
શીંગદાણા-૧૧૦૦-૧૧૬૫
સોયાબીન-૫૫૦-૭૫૫
ઘઉંટુકડા-૫૧૬-૬૦૦
તુવેર-૧૨૭૨-૧૨૭૨
ઘઉંલોકવન-૫૫૪-૫૮૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૯૦૦-૧૪૦૦
દાડમ-૧૬૦૦-૨૪૦૦
મુસંબી-૪૦૦-૬૦૦
અંગુર-૮૦૦-૨૪૦૦
કીવી-૫૦૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૮૦૦
અનાનસ-૯૦૦-૧૧૦૦
જામફળ-૯૦૦-૧૪૦૦
કેળા-૩૫૦-૪૫૦
પોપૈયા-૪૦૦-૬૦૦
બોર-૪૦૦-૮૦૦
સફરજન કાશ્મીર-૧૬૦૦-૨૮૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન-૨૯.૨
ન્યુનતમ તાપમાન -૧૪
ભેજનું પ્રમાણ -૭૮
પવનની ગતિ સરેરાશ -૨.૪

### કડવા પાટીદાર સમાજ બોટાદ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને સાંસદશ્રી પરષોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં

# બોટાદમાં મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સમુહ લગ્નોત્સવ યોજાયો

**ભવ્યાતિ ભવ્ય સમુહ લગ્નોત્સવમાં વિવિધ જ્ઞાતિ આગેવાનો સ્વામિનારાયણ સંતો સહિતની ઉપસ્થિતિમાં ૮૯ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયાં : દાતાઓ દ્વારા કરિયાવર**

**સમુહ લગ્નોત્સવમાં મુખ્ય યજમાન પદે પુજ્ય શાસ્ત્રી કેશવપ્રકાશ સ્વામી (કેપીસ્વામીએ) અને પુર્વમંત્રી શ્રીસૌરભભાઈ પટેલ, શ્રી પરશોતમભાઇ રૂપાલાએ આશીર્વચન પાઠવ્યા**



અમરેલી,
કડવાપાટીદારસમાજબોટાદ દ્વારા ૮૪ ગામ સમાજના સહયોગથી કડવાપાટીદાર સમુહ લગ્નોત્સવ બોટાદ કડવા પાટીદાર સમાજ ખાતે યોજાયો હતો.જેમાં ૮૯ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડયા હતા.તા.૧ ના રોજ રાસગરબા તા.૨ ના રોજ મંડપ,તા.૨ ના રોજ હસ્તમેળાપ, ભોજન સમારંભ, જાનવિદાય અપાઈ હતી.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ પદે સમારોહમાં અતિથિ વિશેષ પદે શ્રી પરષોતમભાઈ રૂપાલા,પુર્વ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ અને મુખ્ય યજમાન તરીકેપુજયશાસ્ત્રી કેશવપ્રકાશસ્વામિતથા શાંતિભાઈ પ્રભુભાઈ કુણપરા અને મુખ્ય યજમાનપદે બાબુભાઈ જમનાદાસ પટેલ ઉંઝા, ઉમીયા ફાઉન્ડેશન પ્રમુખ આરતી પટેલ,ઉમીયામંદિર સીદસરના પ્રમુખ જેરામભાઈ વાસજાળીયા,ખજાનચી નિલેશભાઈ ધુળેશીયા તથા કાઠીયાવાડ પાંચાળ સમાજ બોટાદના મનસુખભાઈ કોરડીયા તથા મોટા લીલીયા મંદિરના પ્રમુખ બાબુભાઈ ધામત ઉમીયા પરીવાર બોટાદ જીલ્લો, કડવા પટેલ છાત્રાલય બોટાદ, ઉમીયા સેવા કેન્દ્ર બોટાદ,વિશ્વ ઉમીયાફાઉન્ડેશન બોટાદ,શ્રી ૧ રૂપિયાની સેવાનુંગ્રૃપ બોટાદ,શ્રીઉમીયાપરીવાર ઉંજા સંગઠન બોટાદ,શ્રીઉમા કેમ્પસ લાઠીદડ, શ્રી ઉમાવિલા તથા ઉમાધામ બોટાદના આગેવાનોની ઉપસ્થિતિમાં પુજય શાસ્ત્રી કેશવપ્રકાશ સ્વામીએ આશીર્વચન પાઠવ્યા હતા.આ સમુહ લગ્નમાં સંસ્થા દ્વારા તમામ કરીયાવર અપાયો હતો.આચાર્ય તરીકે શાસ્ત્રી કેવલભાઈ પંડયાએ ફરજ બજાવી હતી.

### પાયામાં સત્ય હોય તેવા વિશ્વ મંદિરનું નિર્માણ થવું જોઈએ : પુજ્ય મોરારિબાપુ

# મોરારિબાપુની ૯૫૧મી રામકથાનો નડીયાદમાં પ્રારંભ

**રામકથામાં સાધુ, સંતો સહિત ભાવિકો વિશાળ સંખ્યામાં કથા શ્રવણ કરવા ઉમટ્યાં**



રાજુલા, (કનુભાઈ વરૂ)તા.૧ ફેબ્રુઆરીનાં પૂજ્ય મોરારીબાપુની૯૫૧મી રામકથાનો શ્રી સંતરામ મંદિર નડિયાદ ખાતે પ્રારંભ થયો ત્યારે એમણે ઉપરના શબ્દો ઉચ્ચાર્યા હતા. એમણે કહ્યું હતું કે જેના પાયામાં સત્ય હોય, વચ્ચે પ્રેમ હોય અને જેનું શિખર કરુણાથી મઢેલું હોય એવા વિશ્વ મંદિરની આજે આપણને સૌને જરૂરિયાત છે. અને આવો એવા એક મંદિરનું આપણે નિર્માણ કરીએ. ઉલ્લેખનીય છે કે શ્રી સંતરામ મંદિર નડિયાદ ખાતે પૂજ્ય બાપુ ની આ છઠ્ઠી રામકથા યોજાઈ રહી છે એ વખતે એમણે અનેક જાણીતા સંતો મહંતો ગાદીપતિઓ ની વિશેષ ઉપસ્થિતિમાં માનસ યોગીરાજ વિષય હેઠળ રામકથાનો પ્રારંભ છે. પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ ધારાસભ્ય પંકજ દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# પાળિયાદનાં શ્રી વિહળધામમાં પરમ પૂજ્ય શ્રી વિસામણબાપુનો ૨૫૭ મોં પ્રાગટ્ય દિન ઉજવાયો

**સરસ્વતી યાગ, દિવ્ય આરતી સહિત અન્નકોટ દર્શન કાર્યક્રમનો લાભ લેતા ભાવિકો**



રાજુલા, (કનુભાઈ વરૂ)લાખો લોકોની શ્રધ્ધાનું કેન્દ્ર અને પાંચાળની પ્રસિદ્ધ દેહાણ જગ્યા વિહળધામ પાળિયાદમાં વસંતપંચમીના અતિપાવન દિવસે પરમ પૂજ્ય શ્રી વિસામણબાપુના ૨૫૭ માં પ્રાગટ્ય દિવસની ભવ્ય દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન દિવસે વિહળધામ પાળિયાદમાં ભવ્ય સરસ્વતી યાગનુ કરવામાં આવ્યું હતું. મધ્યાહને ઠાકરની દિવ્ય આરતી કરવામાં આવી હતી જેમાં પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબા ઉનડબાપુ ,જગ્યાના પ્રેરક સંચાલક પરમ પૂજ્ય શ્રી ભયલુબાપુ,પૂજ્ય શ્રી ગાયત્રીબા,પૂજ્ય દિયાબા,બાલઠાકર શ્રી પૃથ્વીરાજ બાપુ યજ્ઞ તેમજ આરતીમાં જોડાયા હતાં. જગ્યાના આદ્યસ્થાપક પરમ પૂજ્ય શ્રી વિસામણબાપુના ૨૫૭ માં પ્રાગટ્ય દિવસે ભવ્ય અન્નકુટ દર્શનનો માણી સૌ ઠાકર સેવકો અને વિહળ પરિવાર ધન્ય થયાં. તો સાથો સાથ બણકલ ગૌશાળામાં ગાયોને લીલો ઘાસચારો,અને લાપસી આપવામાં આવી આ ઉપરાંત કુતરાને લાડવા,પક્ષીને ચણ,કીડીઓને કીડીયારું અર્પણ કરી વિહળ પ્રાગટ્ય અવસરને ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. ઠાકરના અનેક શ્રધ્ધાળુઓએ આ ક્ષણનો અનેરો લ્હાવો લીધો હતો.

### અમરેલીના વતની પીએસઆઈ શ્રી વીડી ગોહિલની સુંદર કામગીરી

# દરિયાઈ વિસ્તારમાં ફસાયેલા ત્રણ માનવ જીંદગીનો આબાદ બચાવ કરતા પીઆઇ શ્રી વી. ડી. ગોહીલ

**બીએસએફ બટાલીયનના સહયોગથી માનવ જીંદગી બચાવી**



અમરેલી,નરા પોલિસ સ્ટેશન વિસ્તારમાં આવેલ પશ્ચિમ કચ્છ ભુજમાં પોલિસ અને બીએસએફના જવાનોએ દરીયાઈ વિસ્તારમાં જીએસએલ કંપનીના ત્રણ કર્મચારીઓ કંપનીની મોટર બોટ લઈ કંપનીની દરીયાઈ વિસ્તારમાં સર્વેની કામગીરી કરવા માટે તા.૩૧ બપોરે ૧૧ વાગ્યા આસપાસ દરીયાઈ વિસ્તારમાં ગયેલ.અને દરીયામાં અચાનક પાણીનો પ્રવાહ વધતા કંપનીની બોટ દરીયામાં ફસાઈ ગયેલ.અને દરીયામાં બોટ ઉંધી પડી ગયેલ.તેથી ત્રણ કર્મચારી દરીયામાં ફસાઈ ગયેલ.અને તેનો સંપર્ક તુટી ગયેલ.ગત તા.૧ ના રોજ જીએચસીએલ કંપનીએ નરા પોલિસ સ્ટેશનને જાણ કરતા એસ.પી.ને હકીકતથી વાકેફ કરેલ.અને તેમની સુચના મુજબ પોલિસ સ્ટાફ સાથે લખપત ગયેલ.ત્યાં બીએસએફ કંપનીને જાણ કરી અને બીએસએફના માણસો સાથે બીએસએફની બોટ દરીયાઈ વિસ્તારમાં કંપનીના માણસો ફસાયેલ છે. તે વિસ્તારમાં બીએસએફ કંપનીની બોટ દ્વારા સર્ચ ઓપરેશન કરી દરીયામાં ફસાયેલ કંપનીના ત્રણ માણસોને હેમખેમ દરીયામાં બહાર કાઢી પરત લાવી જીંદગી બચાવી હતી.આ કામગીરીમાં પી.એસ.આઈ.વી.ડી. ગોહિલ ,એ.એસ.આઈ. વિજયભાઈ પરાળીયા, પો.હે.કોન્સ.નરેશભાઈ ચૌધરી, શાંતિજી ચૌહાણ અને બી.એસ. એફ. સ્ટાફે ફરજ બજાવી હતી.

## સાંસદ દિલ્હી હોવાથી અમરેલીમાં મળી શકશે નહી

અમરેલી,હાલમાં લોકસભાનું બજેટ સત્ર ૦૧ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી ચાલી રહ્યું છે. આ દરમિયાન અમરેલી લોકસભાના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા દિલ્હીમાં સત્રમાં હાજર રહેશે. તેથી તેઓ આ સમયગાળામાં અમરેલી ખાતે હાજર રહી શકશે નહીં. અમરેલી લોકસભાના નાગરિકોને આ બાબત ધ્યાનમાં રાખવા વિનંતી કરવામાં આવે છે. કોઈ અગત્યની કે પ્રશ્ન માટે સાંસદશ્રીના કાર્યાલય સાથે સંપર્ક સાધી શકાશે.-કાર્યાલય, સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા દ્વારા જણાવાયુ છે.

### સર્વજન હિતાય સેવા સંસ્થાન દ્વારા

# બાબરાનાં કોટડાપીઠામાં સર્વજ્ઞાતિ સમુહલગ્નોત્સવ યોજાયો

**સમુહલગ્નમાં ૧૫ નવ દંપતિઓએ પ્રભુતામાં પગલા માંડ્યાં : વિવિધ આગેવાનો, સંતોની ઉપસ્થિતી**



બાબરા, (દિપક કનૈયા)
તારીખ .૨૬/૦૧/૨૦૨૫ ના રોજ બાબરા તાલુકાના કોટડાપીઠા મુકામે સર્વજન હિતાય સેવા સંસ્થાન દ્વારા અગિયારમાં સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન યોજાઈ ગયા આ સમૂહ લગ્નમાં ૧૫ નવદંપતી ઓએ પ્રભુતા મા પગલા પાડ્યા હતાં.કોટડા પીઠા મુકામે તારીખ ૨૬ જાન્યુઆરી રવિવારના રોજ સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન સર્વજન હિતાય સેવા સંસ્થાન આટકોટ દ્વારા યોજવામાં આવ્યા હતા જેમાં ૧૫ નવદંપતી ઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા આ સમૂહ લગ્ન ના અધ્યક્ષ સ્થાને ગુજરાત સરકારના કેબિનેન્ટ મંત્રી શ્રી કુવરજીભાઈ બાવળીયા સાહેબે ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા તેમજ તેમના હસ્તે નવદંપતીઓને ભેટ આપવામાં આવી હતી આ ભવ્ય કાર્યક્રમમાં ગુજરાત સરકારના નાયબ દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા અમરેલીના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા ધારી બગસરા ના ધારાસભ્ય શ્રી જે.વી. કાકડીયા બાબરા લાઠી ના લોકપ્રિય ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા તેમજ વિવિધ ક્ષેત્રના રાજકીય સામાજિક અગ્રણીઓ વિશાળ સંખ્યામાં હાજર રહી આ પ્રસંગને દીપાવ્યો હતો. આ કાર્યક્રમમાં દાતાશ્રી ઓનું સન્માન તેમજ અમરેલી જિલ્લા ના શ્રી ઉદયનભાઈ ત્રિવેદી શ્રી મુકુંદભાઈ મહેતા તથા શ્રી દિપકભાઈ વઘાસિયા ની વિવિધ પદો પર નિયુક્તિ થતા તેમનું સન્માન મોમેન્ટો આપી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન સંસ્થાના પ્રમુખ શ્રી પ્રભાતભાઈ કોઠીવાળ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી કૌશિકભાઈ વેકરીયા શ્રી મહેશભાઈ કસવાલા શ્રી મુકુંદભાઈ મહેતા શ્રી દિપકભાઈ વઘાસિયા દ્વારા પ્રસંગિક ઉદબોધન દ્વારા સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિને બિરદાવવામાં આવી હતી તેમજ કાર્યક્રમના અધ્યક્ષ શ્રી માન કુવરજીભાઈ બાવળીયા દ્વારા પ્રસંગે આવા કાર્યક્રમ થકી સમાજની સમરસતા તેમજ એકતા તેમજ સરકાર શ્રી દ્વારા થતા પ્રયાસો અંગે પ્રવચન આપી સંસ્થાના ટ્રસ્ટીઓને અભિનંદન આપી આ પ્રવૃત્તિ નો વ્યાપ વધે તેમજ સરકાર તથા સંસ્થાના સંયુક્ત પ્રયાસો દ્વારા સમાજ સેવાના ઉમદા કાર્યો જેવા કે સમૂહ લગ્નો, શિક્ષણ, આરોગ્ય, જળસંચય જેવા કામો થતા રહે તેવી અપીલ કરવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ચેતનભાઈ પંચોલી દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ ડો.નરોડિયા તથા વિરેનભાઈ કાવઠીયા દ્વારા સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

આ પ્રસંગે સાવરકુંડલા થી મનો દિવ્યાંગ સંસ્થાના અંશુ ગુપ્તા દ્વારા સુંદર મજાના ગીતો રજુ કરવામાં આવ્યા હતા તેમજ કરણુકી ગામની પ્રાથમિક શાળાની બાળાઓ દ્વારા સુંદર મજાનું રાષ્ટ્ર ભક્તિ ગીત રજુ કરેલ હતું.આ કાર્યક્રમ ને સફળ બનાવવામાં આ વિસ્તારના અસંખ્ય યુવાનો એ તેમજ સ્વયંસેવકો એ ખૂબ જ સુંદર મજાની સેવા આપેલ હતી. પ્રસંગે વિશાળ સંખ્યામાં લોકોએ સુંદર મજાનો ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવનાર તમામ લોકોનો દાતાશ્રીઓનો રાજકીય અગ્રણીઓ તેમજ સરકારી કર્મચારીઓ સ્વયંસેવક બધાનો સંસ્થાના પ્રમુખશ્રી પ્રભાતભાઈ કોઠીવાળ ઉપપ્રમુખશ્રી ચેતનભાઈ પંચોલી મંત્રીશ્રી ડો.નરોડિયા તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125

- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર
- ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ
- સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
**હોટેલ હોલીડે**
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલકસ રૂમ રૂા.૧૧૯૯
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે..
Raj Unisex Saloon Since:1996
**રાજ ફેમીલી સલૂન**
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
હેરકટ, કેરાટીન, હાઇલાઇટસ, સ્મુથનીંગ, બોટોક્ષ, નેનો પ્લાસ્ટી, ટેટુઝ, શાઇનર, નેલ આર્ટ, ફેશીયલ વીથ હાઇડ્રા, બ્રાઇડલ મેકઅપ, ગુમ મેકઅપ, હેર એકસટેન્શન, હેર રીપ્લેસમેન્ટ
એપોઇન્ટમેન્ટ નં. 02792-224551 / વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઇન રોડ, ચિતલ રોડ, અમરેલી.



## હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે

હોસ્પિટલમાં કામ કરી શકે તેવા
જેન્ટસ સ્ટાફની જરૂરીયાત છે
**GNM / BSc (Nursing)**
સ્ટાફની પહેલી પસંદગી.
રસ ધરાવતા વ્યક્તિઓ રૂબરૂ સંપર્ક કરો
**સંપર્ક :- ચીરંજીવી હોસ્પિટલ**
C/o. ડો.સ્નેહલ પંડયા
કેરીયા રોડ, અમરેલી



એક જ ભાવ વ્યાજબી ભાવ
Anand
હંમેશા કંઇક નવું...
શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
(બાબરાવાળા)
**આનંદ કલોથ સ્ટોર**
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪


बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda રીજીયોનલ ઓફીસ ભાવનગર

**સુધારો**

**તા. ૨૯.૦૧.૨૦૨૫** ના રોજ **'અવધ ટાઇમ્સ'** અખબારમાં પ્રસિધ્ધ થયેલ **તા. ૧૫.૦૩.૨૦૨૫** ના રોજના મહુવા શાખાની મિલકતનાં ઈ-હરાજી વેચાણ નોટીસ ના સંદર્ભમાં **ઈ-હરાજીની તારીખ ૧૫.૦૨.૨૦૨૫** (તા. ૧૫.૦૩.૨૦૨૫ ના બદલે), **મિલકત નિરીક્ષણની તારીખ ૦૬.૦૨.૨૦૨૫** (તા. ૦૬.૦૩.૨૦૨૫ ના બદલે) અને **બીડ જમા કરાવવાની છેલ્લી તારીખ ૧૫.૦૨.૨૦૨૫** (તા. ૧૫.૦૩.૨૦૨૫ ના બદલે) સુધારીને વાંચવું. બાકી બધી વિગતો જેમ ની તેમ છે.

તારીખ : ૦૪.૦૨.૨૦૨૫, સ્થળ : ભાવનગર
અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

## અવસાન નોંધ

ચલાલા,

ચલાલાના બતુલબેન જીવાજીભાઈ માકડાતે સલમાબેન મોઈજભાઈ તથા ફાતેમાબેન આબીદભાઈ હીરાણી મીઠાપુરના માતા તથા રજબભાઈ સોનાવાળા બગસરના પત્નિનું તા.૨ના રોજ રવિવારે ચલાલા અવસાન થયું છે.જીયારતના સિપારા તા.૪ ને મંગળવારે ચલાલા મહમદી મસ્જિદ ખાતે રાખેલ છે.

## અમદાવાદ બાદ હવે રાજકોટ, વડોદરા, સુરતથી કુંભમેળાની સ્પેશ્યલ બસો મુકતુ એસટી તંત્ર : આજથી એસટી બસો દોડશે

અમરેલી,

અમદાવાદ બાદ હવે રાજકોટ, વડોદરા, સુરતથી કુંભમેળાની સ્પેશ્યલ બસો એસટી તંત્ર દ્વારા દોડાવવા નિર્ણય લેવાતા આજથી એસટી બસો દોડશે રાજકોટથી પ્રગાયરાજ ભાડુ ૮૮૦૦ રૂપીયા લેવાશે. પ્રયાગ ખાતે રહેવાની વ્યવસ્થા મુસાફરોએ કરવાની રહેશે.


શુ તમે ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?
તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેકટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક
લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.
RTO એડવાઇઝર
**સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેકટીસ ટ્રેક**
મો. ૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯
નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ, અમરેલી


## સાતમી વાર્ષિક પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલી



**સ્વ.ઉકાભાઇ કાનજીભાઇ વાળા ઉ.વ.૭૨**
**સ્વ.તા.૦૪/૦૨/૨૦૧૮ મહાવદ ૪ રવિવાર**

વર્ષો આવશે અને વિતી જશે, પણ આપની વાત્સલ્યભરી સ્નેહભીની યાદ અમારા હૃદયમાં હંમેશા છવાઈ રહેશે. આપનું સ્મરણ થતાં હૃદયમાં દિવ્યતા વ્યાપે છે.. અને એજ મુશ્કાન ભર્યો ચહેરો અમને મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાની પ્રેરણા આપે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના..

લી.
મહેન્દ્રભાઇ સોમાભાઇ બગડા (વેવાઇ)
સરોજબેન મહેન્દ્રભાઇ બગડા (વેવાણ)
સમિરકુમાર મહેન્દ્રભાઇ બગડા (જમાઇ) - શિલ્પાબેન સમિરકુમાર બગડા (પુત્રી)
દેવેન્દ્રભાઇ મહેન્દ્રભાઇ બગડા - પ્રિયાંશી દેવેન્દ્રભાઇ બગડા
જીતેન્દ્રભાઇ મહેન્દ્રભાઇ બગડા - ગાયત્રી જીતેન્દ્રભાઇ બગડા
નિશીત બગડા - હસ્તી બગડા
તથા બગડા પરિવાર - અમરેલી

## સાતમી વાર્ષિક પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલી



**સ્વ.ઉકાભાઇ કાનજીભાઇ વાળા ઉ.વ.૭૨**
**સ્વ.તા.૦૪/૦૨/૨૦૧૮ મહાવદ ૪ રવિવાર**

અંજલી આપતા શબ્દો ખુટે છે, શ્રધ્ધાંજલી લખતા શબ્દો તુટે છે, કુદરતના ખજાને ખોટ પડે છે, ત્યારે માયાળુ માનવીના ખજાના લુટે છે, આપનુ નિસ્વાર્થ પરોપકારી જીવન, દરેક પ્રત્યેની અનહદ લાગણી અમારાથી કદી ભૂલાશે નહિ.
સુખનાથદાદા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

લી.
ગં.સ્વ. લક્ષ્મીબેન ઉકાભાઇ વાળા (પત્ની)
હિરેનભાઇ યુ. વાળા (પુત્ર) - સરોજબેન એચ. વાળા (પુત્રવધુ)
હિતેશભાઇ યુ.વાળા (પુત્ર) - ભારતીબેન એચ.વાળા (પુત્રવધુ)
સુમિતભાઇ યુ.વાળા (પુત્ર) - દિપ્તીબેન એસ.વાળા (પુત્રવધુ)
મંથન, સાક્ષી, આરવ, જેનીસ,યુગ (પૌત્ર), હસ્તીકા (ભાણેજ)
તથા સમગ્ર વાળા પરિવારના જય માતાજી


POKAR GROUP
VARMORA TILES • BATHWARE | LAKME VITRIFIED | LAVISH CRAFTED UNIQUELY | ESSCO by Jaquar
**પોકાર સિરામીક**
- ગ્રેનાઇટ
- કોટાસ્ટોન
- વોલ ટાઇલ્સ
- મારબલ
- વિટ્રીફાઇડ ટાઇલ્સ
- સેનેટરીવેર

દરેક આઇટમ વ્યાજબી ભાવથી મળશે
લાઠી રોડ, બાયપાસ ચોકડી પાસે, રાધિકા રેસ્ટોરન્ટની સામે, અમરેલી
આનંદ પોકાર મો.નં.૮૨૦૦૦ ૨૭૬૨૮ ફોન : (૦૨૭૯૨) ૨૯૬૦૦૧



MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL

Alpha Autolink
Sale Helpline: 99046 49999
Service Helpline: 99045 49999
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર)લાઠી રોડ બાયપાસ




લાઠી રોડ પર અત્યાધુનિક ઘરનું ઘર વસાવવાની સુવર્ણ તક

**બાલાજી રેસીડેન્સી**
સાઇટ :- બાલાજી રેસીડેન્સી, લાઠી રોડ, અમરેલી
આકર્ષક મેઇન ગેઇટ, આર.સીસી. રોડ, સ્ટ્રીટલાઇટ, ડ્રેનેજ, પાણીની ઉતમ સગવડ
- ફુલ હવા-ઉજાસ
- ટાઇટલ કલીયર
- બાંધકામ પરમીશન
- લોનેબલ
- પાણીના બોર સાથે R.C.C. બીમ કોલમ બાંધકામ એલ્યુમીનીયમ સે.વિન્ડો વીથ ગ્રેનાઇટ ફ્રેમ સનમાઇકા દરવાજા
- અં.ગ્રાઉન્ડ પાણી સ્ટોરેજ તથા ટેરેસ ઉપર ૧૦૦૦ લીટર વ્હાઇટ પાણીની ટાંકી
- દરેક બાથરૂમમાં ઠંડા-ગરમ પાણીની સુવિધા
- સ્ટાન્ડર્ડ કંપનીની વિટ્રીફાઇડ ટાઇલ્સ
- સ્ટાન્ડર્ડ કંપનીના પાઇપ ફીટીંગ
- અંદરની સાઇડ વોલપુટી + અસ્તર + કલર + POP
- બહારની સાઇડ એપેક્ષ કલર
- સ્ટા.કંપનીના મોડયુલર સ્વીચબોર્ડ તથા ઇલે. વાયર
- ટેરેસ ઉપર વોટર પ્રુફીંગ + ચાઇના મોજેક

બુકીંગ તથા વધુ માહિતી માટે સંપર્ક કરો
મો.૮૪૦૧૮ ૮૮૬૪૬, ૮૪૦૧૨ ૫૪૨૩૨, ૯૯૧૩૭ ૨૬૮૮૨


## શ્રી નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થા : અમરેલી





### -:: અગત્યની જાહેરાત ::-

આ ટ્રસ્ટ શ્રી નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થા ટ્રસ્ટ દ્વારા નબળા વર્ગના વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા માટે જુન-૨૦૨૫ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે

**રાહતદરે ફુલસ્કેપ નોટબૂક્સ આપવાની યોજના છે**

તે અંતર્ગત ૧૯૨ પેઇજ તથા ૧૪૪ પેઇજના એમ બે પ્રકારનાં ફુલસ્કેપ બૂક તૈયાર કરાશે અને

**પડતર કિંમતનાં ૫૦% દરે અપાશે.**

આ નોટબૂકનું છુટક વેચાણ નહી કરાય પણ કોઇપણ શૈક્ષણિક સંસ્થા, જ્ઞાતિ સંસ્થાઓ, વિવિધ મંડળો પોતાની જરૂરીયાત મુજબની સંખ્યાનો ઓર્ડર નોંધાવી શકશે.

આ બૂક્સ ડઝનનાં એકમમાં અપાશે. કોઇપણ સંસ્થા કે મંડળ ૧૦૦ કે તેથી વધુ ડઝનનો ઓર્ડર નોંધાવી શકશે. ઓર્ડર આપતી વખતે દર ૧૦૦ ડઝને રૂા.૧૦ હજાર લેખે ડિપોઝીટનો ચેક ''નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થા'' એ નામે એકાઉન્ટ પે આપવાનો રહેશે. માર્ચ - ૨૦૨૫ ના છેલ્લા અઠવાડિયામાં માંગણી બૂક્સ અપાશે. અને તે સમયે કુલ કિંમતમાંથી ડિપોઝીટ બાદ કરીને થતી રકમ પણ ચેકથી આપવાની રહેશે. વિતરક સંસ્થા ડઝન દીઠ રૂા.૧૦ વ્યવસ્થા ખર્ચના ઉમેરી જે તે વિદ્યાર્થીને વેચાણ આપી શકશે. આ માટે રસ ધરાવતી સંસ્થાઓએ પોતાની જરૂરીયાત મુજબ ઓર્ડર અને ડિપોઝીટના ચેક સાથે

**તા.૧૦-૦૨-૨૦૨૫ સુધીમાં પોતાનો ઓર્ડર નોંધાવી શકશે.**

આ અંગે વધુ માહિતી માટે તથા આ યોજનામાં જાહેર ખબર આપવા ઇચ્છનારે ડૉ.અમિતભાઇ ઉપાધ્યાય, આચાર્ય - દિપક હાઇસ્કૂલ, અમરેલી મો.૯૪૨૭૭ ૪૪૪૯૫ / ૮૧૬૦૧ ૪૫૧૩૮ નો સંપર્ક કરવા વિનંતી.

શ્રી નાગનાથ ટ્રસ્ટ આ યોજના સમાજના લાભાર્થે હાથ ધરે છે. તેથી તેનો ઉપયોગ થાય તે જોવાની જવાબદારી સૌની છે.

કિશોરભાઇ મહેતા
પ્રમુખ
શ્રી નાથનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થા - અમરેલી મો.૯૪૦૮૪ ૪૦૦૭૭

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૨/૨૫...............તા.૩૧-૦૧-૨૦૨૫

વિવાદી :- શ્રી ગંગદાસભાઈ માવજીભાઈ દેસાઈ રહે.ચમારડી, તા.બાબરા
વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી ચમારડી ગ્રામ પંચાયત

### જાહેર નોટીસ

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે ચમારડી ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પુત્રી શ્રી ચંદ્રીકાબેન ગંગદાસભાઈ દેસાઈનો જન્મ તા.૦૪-૦૮-૧૯૭૬ ના રોજ મોજે ચમારડી તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૯-૦૧-૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬-૦૨-૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
બાબરા

### -:: જાહેર નોટીસ ::-

**અમરાપરાના ગામે સર્વે નં.૩૦૬ પૈકી ૨/પૈકી ૧, હે.૧-૫૧-૨૫ ખાતા નં.૨૩૬ વાળી જમીન વેચાણ રાખેલ હોય જે અંગે**

આથી જાહેર જનતાજોગ નોટીસ આપવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના અમરાપરા ગામે સીમતળમાં આવેલ ખેતીની જમીન સર્વે નં.૩૦૬ પૈકી ૨ / પૈકી ૧, ખાતા નં.૨૩૬, હે.આરે. ૧-૫૧-૨૫ વાળી જમીન શ્રી વિનુભાઇ ગોરધનભાઇ તાવેથીયાના સ્વતંત્ર નામે આવેલી છે.

ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીન અમો શ્રી જગજીવનભાઇ હંસરાજભાઇ ગમઢા ખરીદવા માંગતા હોય જેથી ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીન બાબતે કોઇનો હક્ક હિસ્સો આવેલ નથી તેમ છતાય કોઇપણનો હક્ક હિસ્સો આવેલ હોય અથવા આ જમીન બાબતે કોઇ વ્યક્તિને લખાણ કરી આપેલ હોય તો દિન-૧૦ માં અમોને નીચેના સરનામે જાણ કરવી. તેમજ ઉપરોક્ત જમીન પરત્વે કોઇપણ સરકારી કચેરી તેમજ કોર્ટમાં વાદ-વિવાદ કે તકરાર ચાલતી હોય તો તેની અમોને જાણ કરવી. અને ઉપરોક્ત દિન-૧૦ પુર્ણ થયે કોઇપણ વ્યક્તિઓ કે કચેરીઓના વાંધા, સુચનો ધ્યાને લેવામાં આવશે નહી જેની નોંધ લેવી. આ જમીનનો પાકો દસ્તાવેજ અમારે મુળ માલીકશ્રી વિનુભાઇ ગોરધનભાઇ તાવેથીયા પાસેથી અવેજની રકમ ચુકવીને કરવાનો છે. જેથી ઉપરોક્ત અમો વેચાણ રાખનાર દ્વારા જાહેર જનતાજોગ આ નોટીસ આપી જાણ કરવામાં આવે છે.

તારીખ : ૦૪-૦૨-૨૦૨૫, મંગળવાર

(જગજીવનભાઇ હંસરાજભાઇ ગમઢા)
રહે.મૌલીક પટેલ શેરી નં.-૧, મારૂતી પાર્ક, સત્યસાંઇ હોસ્પિટલ પાસે, રાજકોટ, મો.૯૮૭૯૫ ૮૩૬૯૫


॥ શ્રી ગણેશાય નમઃ ॥
POKAR GROUP
**આશાપુરા ફર્નીચર**
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ



POKAR GROUP
DURO | EUROPA | AGRO KING | Bell LAMINATES | Rebecca | FEVICOL | EURO | Kich | BOSS LOCKS
**ઉમિયા પ્લાયવુડ**
- પ્લાયવુડ
- ફ્લશ ડોર
- સનમાઇકા
- વિનીયર
- લુવર્સ
- સનમાઇકા ડોર
- બાથ એસેસરીઝ
- હાર્ડવેર
- લોક
- કિચન બાસ્કેટ

CENTURYPLY માણેકપરા, હોટેલ નેપ્ચ્યુન ઇનની બાજુમાં, અમરેલી
મો.૭૦૧૬૬ ૨૧૬૫૭, ૯૪૨૭૭ ૪૫૫૨૫, ૯૪૨૬૨ ૪૨૯૯૧



**શું તમને સાંભળવાની તકલીફ છે ?**
- કોઈપણ ઉમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા

પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, **અમરેલી.**
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮



શુભ-મંગલને વધાવે, "મધુવન" હર નારીને દીપાવે !


MGA
**મધુવન** ગોલ્ડ આર્ટ
સોના-ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. ☎: 02792 - 222208 : 94264 23006
madhuvan gold art | madhuvangold.in

